આત્મબોધપ્રકાસ
જૈનતત્વાદર્શક
સ્તવનાવળી.

સઘળા જઈનધરમીઓને માટે

છપાવી પ્રસીધ કરનાર.

શ્રી જૈન બોધ બુદ્ધી પ્રકાસ સભા.

મુ૦ સાણંદ.

અમદાવાદમાં

વિક્ટોરિયા પ્રેસમાં છગનલાલ ઉમેદચંદ છાપી.

સંવત ૧૯૪૨—સને ૧૮૮૬

કીંમત ચાર આના.

પ્રસ્તાવના.

પ્રીય જૈની બંધુઓ-આ લઘુ પુસ્તક ગદ્ય અને પદ્યમાં છપાવા પ્રસીદ્ધ કરવાનો અમારો મુખ્ય હેતુ એ જ છે કે હરેક રીતે આપણા જૈન બંધુઓની સ્વધર્મ પ્રત્યે પ્રતીદીન ગાઢ પ્રીતી થાય

આ પુસ્તકમાં મુનીરાજ માહારાજ શ્રી ધનજીજી સાહેબનો આશ્રર્ય મળેલો છે તેને માટે તેઉ સાહેબનો વિશેષ ઉપકાર જૈન ધર્મ ભીલાષી જીવોના ઉપર થયો છે

આ પુસ્તકમાં સભાના બાળ અને ન્યુન બુધિના જુવાનીયાઓએ કીચીત ઉદ્યમ કરેલો છે-તે વીશે હુ વાંચનાર સજનો પ્રત્યે પ્રથમથી ક્ષમા માગુ છુ કે" પાંગળો જેમ પરવત ઊપર ચઢવાની ઇચ્છા કરતાં લડથડીયાં ખાય છે તેમ અમે પણ ઇચ્છા કરેલી છે, તેમાં જે કાંઇ દોષ હોય તેની વાંચનાર સજનો ક્ષમા કરશો એવી શેવક આશા રાખે છે,

લા. સઘળા જૈનધર્મીઓનો દાસ.

કાળીદાસ દેવકરણ મેહેતા.

શ્રી જૈન બોધ બુદ્ધિ પ્રકાશક સભા.

સવત ૧૯૪૨ના ફાગણ સુદી ૧૫ને સનીવારને રો

જ સભા મળી તેમાં નીચે મુજબ ઠરાવ થયો

શા. ચાંપશી વસ્તનજી—પ્રેસીડેન્ટ.
મેહેતા. કાળીદાસ દેવકરણ-સેક્રેટરી.
મેહેતા. વખતચંદ મકન—મંત્રી
શા. નગીનદાસ સાંકળચંદ-ખજાનચી.

મેંબરો.

મેહેતા. ચુનીલાલ કાળીદાસ.
શેઠ. વાડીલાલ ગગલ.
શા. મગનલાલ મલુકચંદ
મેહેતા. આશારામ ઘેલા.
મેહેતા. ડાહ્યાભાઇ ધરમસી
મેહેતા. અમુલખ હકમચંદ
શા. વાડીલાલ પીતાંબર.
મેહેતા. લલુ બેહેચર.—
મેહેતા. હાથી સાંકળચંદ.
શા. ધનજી ડોસા.
ગાંધી ધનજી ગુલાબચંદ.

એ રીતે ઠરાવ થયો છે,

२७४८

શ્રી સર્વજ્ઞાયનમઃ

મંગલાચરણ ૧

જંતગ ગુરૂ જીનવર જયકારી; એ દેશી

ગાવો ભવી મંગલ ગુણ માળા, જેથી વરો શીવ સ-
જની બાલા. ગાવો. ૧ અરીહંત મંગલ છે પેહેલું;
તેતો સહુ જગનો છે એલું. ગાવો ૨, મંગળ બી-
જુ સીદ્ધતણું રૂડું, બીજું સહુ જગમાંહે કુડું. ગાવો ૩
સાધુપદ મંગળ લહો ત્રીજે, જેથી ભવોભવનાં દુઃખ
છીજે. ગાવો. ૪. મંગળ ચોથું જીન ભાખીત ધર્મ,
કાટે સહુ ભવ સંચીત કર્મ. ગાવો. ૫. આતમ બોધ
પ્રકાશી થાવે; મંગળ જે પ્રાતઃસંધ્યા ગાવે. ગાવો. ૬
સભા જૈન બોધ બુદ્ધી કાજે; મંગળ કરો ધન્ન મુની
રાજે. ગાવો૦ ૭.

મંગળાચરણ ૨

તુમ તજકર રાજુલ નાર તજ્યા રાજ ઘરરે એ દેશી.

મેં નમું જગતપતી નાથ, હાથ બે જોડી;
જે ગયે મુગત કે માંહી, કર્મ ફંદ છોડી. ૧
જે અનંત ગુણાતમ સિદ્ધ કેવલવર જ્ઞાની;
તસુ રિદય હૂં હરો નીકસ, સરીત શ્રુતમાંની. ૨
તાતે અનંત નયાતમ લછ, સિધાંતે વખાણી;
એસી સદા નમુ સરસત, જગે જીન બાની; ૩
કહુ આતમ બોધ પ્રકાશ, જૈન તત્વ દરશી;
તામે જીન સ્તવના વળી સાર, સહુજ ગુણ વરશી. ૪
જૈનબોધ બુદ્ધી પ્રકાસ, સભાકે કાજે;
ભાખે સુરી રાજેંદ્ર, ધન્ન મુની રાજે. ૫

અથ આત્મ પ્રબોધ પ્રકાશ ગ્રંથ પ્રારંભઃ

મંગળ પ્રસસ્તી દુહાઃ

આત્મબોધ પ્રકાસવા, આત્મબોધ જગદીશ;
ચીદાનંદ ચીદ્રુપ મય, ચીત ચીતવું ચોવીસ. ૧
કર્મ રોગ ઔષધ સમો, આત્મબોધ પ્રકાશ;
આત્મબોધ વીણ નવી હુવે, શીવપદ લીલવિલાસ. ૨
ભોગી નરને પ્રીય ઘણા, ગીત સંગીત વરનાર;
તીમ અધ્યાતમ વેદીને, આત્મબોધનો પ્યાર. ૩
અધર અમ્રીત રસ સ્વાદથી, જે જગમાં સુખ હોય;
આત્મબોધ સમુદ્રનો, લવ સમ સુખ નવી કોય. ૪
મૈત્રી ભાવ સમુદ્રની, વૃદ્ધી કરવા ચંદ્ર;
કપટ અદ્રીને ભેદવા, એ છે વજ્ર સમીદ્ર. ૫
આત્મબોધ પ્રકાસનો, જીહાં પ્રવર્તે રાજ્ય;
ઈતિ ઉપદ્રવ નવી હુવે, પામે ધર્મ સામ્રાજ્ય. ૬
આત્મબોધ આદિત્યનો, જીહાં લગ નહીં પ્રકાશ;
નિરદય કામ ચંડાલ તે, નાંખે પંડીત પાસ. ૭
મન વન વૃધી પામતી, તૃષ્ના ઝેરની વેલ.
આત્મબોધ શસ્ત્રે કરી, નાંખે તુરત ઉખેલ. ૮
કામ ભોગ સંસારના, ભોગવે ત્યાં લગે ઇષ્ટ;
આત્મબોધ પ્રકાશ રસ, નિરાબાધ છે મીષ્ટ. ૯
તે કારણ ભવીઅણ કરો, આત્મ શુદ્ધ અભ્યાસ;
પઢો ગુણ વળી સાંભળો, આત્મબોધ પ્રકાશ. ૧૦
સંસ્કૃત પ્રાકૃત પધ્ય મય, આત્મબોધના ગ્રંથ,
પુર્વ સુરી એ જે કર્યા, શીવગીરી ચઢવા પંથ. ૧૧
તેહ તણો આશ્રય લહી, સ્વરૂપર કરવા શોધ;
આત્મબોધ પ્રકાશનો, બાળ ભાષા કરૂ બોધ. ૧૨
આત્મબોધના ગ્રંથ વીણ, આત્મબોધ નવી થાય;
કારણે કારજ નીપજે, એ છે બુધ જન ન્યાય. ૧૩

અથ આત્મબોધ પ્રકાશ બોદંત ભાષયા લીખ્ય તે.

હવે જે પુરૂષ આત્માર્થી હોય તે આત્મબોધ પ્રકાશવાને આત્મા થકી એવું સ્વરૂપ વાચારે કે અહો સંસાર અનીત્ય છે. એમાં કાંઈ પદાર્થ રહેવાનો નથી જેવો ડાભની આણી ઉપર પાણીનો બીંદુવો કેટલીવાર ટકે તેવો અથીર સંસાર જાણવો. તથા જેવો ઈંદ્ર ધનુષ્ય ચોમાસામાં આકાસે થાય છે તેનો રંગ કેટલીવાર ટકવાનો તેવો આ સંસાર અનિત્ય જાણવો. એટલે આ સર્વે જે સંજોગ સંસારના વીશે મળ્યો છે તે કાંઇ રેહેવાનો નથી તથા કરતવ્ય વસ્તુ જેટલી છે એટલી સરવે વીનાશીક છે. જેમ વીજલીનો ઝબકાર થઇને નાશ થાય તેમ એ સરવે વસ્તુનો પણ નાશ થવાનો છે. જેમ ઈંદ્ર જાલ થકી કાંકરાનો રૂપીઓ કર્યો, પરંતુ એ રૂપૈઓ કાંઇ કામ લાગે નહી. તેમજ સંસારનું સુખ એ કાંકરાના રૂપૈઆ બરાબર છે. એ કાંઇ સદા રેહે રેહે નહી. અથવા જેમ સ્વપ્નાને વિશે સુભ વા અસુભ દેખે પરંતુ અહીંઆં કાંઇ શુભ અથવા અશુભ નથી એતો જાગ્યો નથી ત્યાં સુધી એવું છે. જાગ્યો એટલે કાંઇ છે નહી. એટલે સ્વપ્નાની વાત ઉપરથી મનમાં કાંઈ હરખ શોક થાય નહી તેમ સંસારના સુખ દુઃખ ઉપરથી હરખ શોક કરવો નહીં. એ પણ અનીત્ય પદાર્થ છે તથા જોબન પણ અનીત્ય છે એ પણ ચાર દાહાડાનો ચટકો કહેવાય જેમ ઠાર એટલે ઝાકલનો તરે પ્રથ્વી ઉપર કેટલીવાર રહે? સુરજ ન ઉગ્યો ત્યાં સુધી; તેમ એ જોબન પણ ત્યાં સુધી રેહેવાનું એ પણ ઝાઝા દીવસ ટકે નહીં તથા કોઇ રાંક માણસ સાથે

સ્નેહ કરો તે રાંક બચારો આપણું શું કારજ કરવા નો હતો; તેમ એ જોવન થકી કાંઇ સારૂ કારજ નીપજે નહીં માટે હે ચેતન તું તાહારા આત્મામાં રમણ્યતા કર શા માટે કે, એ અનિત્ય પદાર્થ એ જોવન તેને પામીને મદ ન કરવો તથા ધન સંપદા રાજ્ય રીધી એ સરવે પણ કારમા છે. એતો જેવો એક સમુદ્રનો કલ્લોલ ચઢે ને ક્ષય થાય તેમ એ ધન ઠકુરાઇ આવે ને જાય. જેમ ચારૂ દત તથા વનપાલ મનુષ્યના દ્રષ્ટાંત જો જયો-જે એક ભવમાં કેટલીવાર પામ્યા ને ક્ષય થયો એવો એ અનિત્ય પદાર્થ છે. એ કોઇને ત્યાં સ્થીર થઇને રહ્યો નથી. એતો સંધ્યાના રંગ સરખો જેમ સંધ્યાનો રંગ ક્ષણ એકમાં ક્ષય થઇને અંધારૂ ઘોર થાય તેમ એ ધન સંપદા ક્ષણ એકમાં વીણસી જાય. છે એનો કાંઇ ભરૂંસો થાય નહીં. જુવો "મુંજ રાજા જેવો" તેને પણ અંત્યે ભીખ માગવી પડી. અને સુખીઓ આરો પાણો માટે એ રીધ્ધી તો એવી છે. તથા એ કોઇ શરીરનું રૂપ, રંગ, ઘાટ, ઘણો સુંદર સારોજ દીસે છે પરંતુ એને પણ કાંઇ વીણસતાં વાર લાગે નહી, કેમકે જડનો સ્વભાવ સડણ, પડણ વીધ્વંષણ છે, માટે એવા શરીર ઉપર મુર્છા ન રાખવી. જુવો સનંત કુમાર નામા ચક્રવરતી તેનું રૂપ શક્રંઇદ્રે પણ વખાણ્યું, તેને દેવતા જોવા આવ્યા તે સમે ખેળ ભરી કાયા હતી તોપણ તેને દેખીને વીસ્મય થઇ ગયા. તેહીજ જે વખત શણગાર કરી સભામાં બેઠા તેવાર તે રૂપ ન રહ્યું તે દેવતાના કેહેવા થકી તંબોળ થુંકી જોયું. તો તે માંહે ૭ વડા દીઠા તેજ વખત તે ચક્રવરતી અનાત સંસાર જાણી દીક્ષા લેઇ આલી નીકળ્યો અથવા કીરતધર રાજાએ

સુરજનું ગ્રહણ દેખીને સંસારને અનીત્ય જાણ્યો. તથા કર કુંડુ રાજા એ બળદને જરાએ પીડાએલો દેખીને કાયા પ્રમુખ સર્વ અનીત્ય જાણ્યું. તેમ એ સર્વ અનીત્ય પદાર્થ ઉપર હે ચેતન તારે કદી મુર્છા રાખવી નહીં, તથા મનુષ્યનું આવખું પણ અથીર છે, જેવો પાણીનો પરપોટો ક્ષણ એકમાં નાશ પામે તેમ મનુષ્યનું આવખું પણ સમજવું, જેવો હાથીના કાંન ચપળ તેવું અથીર આવખું જાણવું વળી વીચારી જો કે અહો સંસારને વીશે, તીર્થંકર, કેવળી, ગણધર, ચક્રવરતી, વાસુદેવ, બળદેવ, ઇંદ્ર, દેવતાઆદી દઇને મોટા મોટા પ્રાક્રમી પુરૂષ જે પણ કોઇ ઇહાં અમર થઇને રહ્યા નહીં, એ સર્વનાં આવખાં આવી ગયાં એવું આવખું અનીત્ય જાણીને તથા જોવન, કાયા, પુત્ર, પરિવાર સર્વ સંજોગ તથા કરતમ વસ્તુ એ સરવ અનીત્ય છે માટે તે ઉપરે મમતા ન કરવીં. એક નીત્ય પદાર્થ આત્મબોધ પ્રકાશ કરવાનો ઉપાય કરવો.

આત્મા અસંખ્યાત પ્રદેશી, જ્ઞાન, દર્શન, ચારીત્ર એ રત્ન ત્રઇ, ધર્મ, અવ્યા બાધ, અનંત રીધ્ધીનો ધણી છે. એક એક પ્રદેશે અનંત ગુણ અવ્યા બાધપણે રહ્યા છે, એહવું આત્માનું સ્વરૂપ છે. તે અનાદીકાળનો અશુધ્ધ પરીણીતે કરી, પ્રભાવનો ભોગી થઇને આઠ કર્મે અવરાણો પડયો છે, તે હવે ઘણી પુન્ય પ્રકૃતીને ઉદયે કરી, એ મનુષ્ય ભવ દશ દ્રષ્ટાંતે કરી દોહીલો ચિંતાંમણી રત્ન સરીખો પ્રાપ્યો તે જે કોઇ આત્માર્થી જીવ હોય તેને અપ્રસસ્થ કારણ છાંડીને પ્રસસ્થ કારણ જોડવાં તે કારણ રૂપે શુદ્ધ ઉપયોગ રાખી અનુષ્ટાંન "ત્રણ, વિસ, ગરલ, અન્યોન્યન":

છાંડીને અનુષ્ટાંન બે "તદહેતુ તથા અમ્રીત" અનુષ્ટાન આદરીને આત્મ રત્ન ત્રઇની સાધનતા કરશે તે મનુષ્ય ભવ સફળ કરશે ફરી ફરી મનુષ્ય ભવ પામવો ઘણો દુર્લભ છે તુમે તો કોઇ રીતે ઉત્તમ જીવ છો પણ આત્મા અનાદીકાળનો નિરંતર કર્મ બાંધે છે તે આત્માને અસંખ્યાત પ્રદેશે પુન્યનાં દળીયાં અનંતા રહ્યાં છે. તે બાંધી સ્થીતીનો અબાધાકાળ પાકે ઉદય આવે છે. તે ઉદય બે પ્રકારનો એક પ્રદેશ ઉદય, બીજો વીપાક ઉદય. પ્રદેશ ઉદય તો સમયે સમયે અબાધા કાળના પાકે ઉદય થાય છે તેતો ભોગવાય છે. તેહની ખબર પડતી નથી અવ્યક્તપણે ભોગવે છે. અને જે નીકાચીત કરમ બાંધ્યા તે અબાધાકાળ પાકે વીપાકે ઉદયે આવે છે. તેવારે આત્માને ભોગવતાં આકરૂં પડે છે. તેવારે વીચારે જે હે• આત્મા અસંખ્યાત પ્રદેશે જે તેં બાંધ્યા છે તે ઉદય આવ્યાં છે. એહવું વીચારે તેહને હીત થાય અને જો આરત ધ્યાન કરે તો વળી નવાં કર્મ બાંધે કોઇ વેળા શુભ કર્મનો ઉદય થાય તેવારે આત્માને અલ્હાંદ ઉપજે છે. જીહાં જઇએ, જીહાં બેશીએ, જીહાં ઉઠીએ, તીહાં સરવે ઝાઝાંવાંના કરે છે માનસનમાન આદરસત્કાર કરે છે, એહવો પણ ઉદય આવે. તેવારે આત્માને પણ સમતા ભાવે રહેવું. કોઇ વેળા અશુભ કર્મ બાંધ્યા હોય, તો અબાધાકાળ પાકે, વિપાકે, ઉદયે, અશુભનો પીણ થાય. તીવારે જીવ ભોગવતાં આકળો થાય છે. પણ આત્માર્થી જીવ હોય તે સમ ભાવે ભોગવે તો નિર્જરા થાય. તે માટે આત્માર્થી જીવ હોય તે પ્રણામ સારા રાખે તો આત્માને હીત થાય, અથવા હીણા પ્રણામ રાખે તો આત્માને અહીત થાય તેનો કીંચીત વીચાર લખીએ છીએ.

આત્માને અશંખ્યાતા પ્રદેશે પુન્ય તથા પાપનાં દળીયાં સત્તાયેં છે. તે આત્માર્થી જીવ હોય. તેહને પુન્ય પ્રકતીનાં દળીયાં ઉદય થાય સારો પ્રણામ રાખે. ધર્મ ચર્ચા કરે, વ્યાખ્યાન, પચખાંણ, પોસહ, પડીકમણું, જીન પુજા, સ્વામીવત્સળ, સુભકારણજોડે, કદાપી તેહવી સુભ ક્રીયા કરવાનો જોગ નહી મળે તે વારે ભાવ ધર્મની ઓળખાણવાળા જીવની સંગત કરી સારો પ્રણામ રાખે, તો સુભ કર્મ બંધાય. તે સુભ કર્મ બાંધતાં જે આત્માને અસંખ્યાત પ્રદેશે પાપના દળીયાં અનંતા રહ્યાં છે તેહ પાપના દળીયાં સુભ બાંધતાં સુભ પ્રકૃતિના ગ્રહણ થાય. અનંતા દળીયાં પાપ રૂપ છે, તે સંક્રમણે પુન્યના રૂપે થાય. અથવા કોઇ જીવને પાપના દળીયાં ઉદય થયે હીણા પ્રણામ રાખે. કારણ ઘણાં કુડ, ઘણાં કપટ, ઘણાં છળભેદ, વિશ્વાસઘાત, પારકી નીંદા બેઠા બેઠા કરે, એહવા અનેક હીણા પ્રણામ બેસતાં ઉઠતાં કરે તે અસુભ કર્મ બંધ કરે. તથા પુન્યના દળીયાં જાય અસુભ કરમ બાંધે. તે અસંખ્યાતા પ્રદેશે અનંતા પુન્યના દળીયાં સત્તાયે રહ્યાંછે. તે અસુભ સંક્રમેં પાપરૂપ થાય. એણી રીતે આત્માના સમય સમય જેહવા પ્રણામ થાય છે. તેહવા સંક્રમે; દળીયાં બદલાય છે. એવી રીતે આત્માનો ઝઘડો આત્મા કરે છે. તે માટે આત્માર્થી જીવ હોય. તેહને સારા પ્રણામ રાખવા. વળી ઉદવૃતના, અપવૃતના; સમયે સમય થાય છે. તેહની અસારતા લખીએ છીએ.

જે કોઇ વેળા કોડા કોડી એકની સ્થીતી બાંધે તે બાંધતી વેળાતો કોડા કોડી એકની બાંધે. પછે વળી કોઇ કોઇ સંગત હીણી કરતાં હીણા પ્રણામ કરે. તો

કોડા કોડીની સ્થીતી બાંધી હોય. તે વધારીને સાતેર કોડા કોડીની ઊત્કર્ષ કરે અથવા કોઇ જીવ સારા પ્રણામે ભાવપરમની ઓળખાણવાળા જીવ ધર્મ ચર્ચા કરે. સારા પ્રણામ રાખે તો કોઇ જીવ મોહની કર્મ તથા બીજા કર્મ તથા બીજા કર્મની સ્થીતી ઉત્કૃષ્ટી બાંધી હોય. તે એક કોડીમાં લાવી મુકે. મુળ કરમની તથા ઉત્તર પ્રકૃતીની એહવી રીતે ભાંજગડ કરે છે. સારે પ્રણામે તીવ્રપુન્યપ્રકૃતીનાં દળીયાં વધારે છે. ને હીંણા પ્રણામે ઘટાડે છે. સારા પ્રણામે પુન્ય વધે, પાપ ઘટે, હીણા પ્રણામ રાખે. પાપ નોરસ વધે. પુન્ય ઘટે. તે માટે આત્માર્થ જીવ હોય તેહને સારા પ્રણામ રાખવા. એમ કર્મોની વાતતો ઘણી છે. પણ ઇહાં એક વેદની કર્મની અસારતા લખીએ છીએ.

વેદની કર્મનો ઉત્કૃષ્ટી ત્રીસ કોડા કોડી સાગર સ્થીતીનો બંધ છે. તેમાં અસાતા વેદનીની ઊત્કૃષ્ટ સ્થીતી કોડા કોડીની છે. તે સારા પ્રણામે સાતા વેદનીની બંધાય. તીવારે અસાતાવેદનીનાં દળીયાં કોડા કોડી ત્રીસનાં છે. તે સાતાવેદની બાંધતાં પુન્ય પ્રકૃતી ગ્રેહમાં પડે. તેતો સાતા રૂપ થાય. અને તેહીજ હીણા પ્રણામે સાતા વેદનીનાં દળીયાં પાપ પ્રકૃતી ગ્રેહમાં પડે. તીવારે અસાતા રૂપ થાય. એ રીતે સરવે મુળ કર્મ ઉત્તર કર્મ પ્રકૃતી સંક્રમાય છે-વીસ્તારતો ઘણો છે. પણ કીંચીત અસારતા જણાવી છે. તે માટે કર્મ પ્રકૃતી ઉદયે આવે. ધીર્યપણું રાખવું. ને ઊદય ભાવને મંદ કરવા જાણ-પુરસની સંગત કરવી. સમતા રાખવી.

યદુકતં દુહા.

પંડીત સંરશી ગોઠડી, મુજ મન ખરી સુહાય;

આજે જે બોલાવતાં, માણીક આપી જાય. ૧
બલીહારી પંડીત તણી, જસ મુખ અમી ઝરંત.
તાસ વચન શ્રવણે સુણી, મનરતી અતી કરંત. ૨
આત્મબોધ પ્રકાશનો, પ્રથમ કહ્યો પ્રકાસ;
સાર અસારતા કર્મની, જાંણી લહો શીવવાશ.

ઇતિ આત્મબોધ પ્રકાશ સાર અસાર કર્મ નાર્ણય નામનો પ્રથમ પ્રકાસ સંપુર્ણ.

હવે વળી કર્મની સાર અસારતા જાણવા આત્માને ભાવના કરવા કીંચીત માત્ર લખીએ છીએ.

અહો આત્મા તું પાંચ પ્રમાદમાં પડયો થકો કાંઇક તો વીચાર કર; મનુષ્ય ભવ પાંમીને શ્રી વીતરાગનો ધર્મ આદરતો નથી. તો કીમ સંસાર સમુદ્ર તરીશ? અહો આત્મા તે અનંતા પુદગળ પરાવર્તન કર્યાં. તોય પણ આજલગે ધુર દહાડોછે. પરી ભ્રમણ કર્યાનો તો ભયજ તુજને નથી એહવાં તેં શા કર્મ કર્યાછે જેથી ધર્મ સાધન કરવા ઉલ્હાસ થાતો નથી પણ તું વીચારી જો. કોઇ ધર્મ સાધન વીના પાર પામ્યો નથી. તું આત્મ અજ્ઞાન દશાએ કરી ઇમ જાણે છે જે મનુષ્ય ભવ રીદ્ધી સંપદા એમની એમ રહેશે. પણ હે ચેતન જીનરાજના વચન હ્રદય ધરીને ધર્મ સાધન કરવાનો અવસર જાય છે. પછી પરતાવો કરીશ. મનુષ્ય ભવને પંચેદ્રીપણું જાસે હેઠો ઉતરી જઇશ, તેવારે સામગ્રી કયાંથી પામીશ અનંતાકાળનો વિરહ પડશે તે વાસ્તે પ્રમાદ છાંડીને એક પોતાનો આત્મા નીરાવર્ણ કરવા, સ્વધર્મ પ્રગટ કરવા, લોક સંજ્ઞા તથા ઓઘ સંજ્ઞા તજો, આશી ભાવ તજો, આ સંસાર રહીત ધર્મ સાધન કરીશ. તો કર્મ બંધન થી મુકાઇશ. પણ હે ચેતન તુજને પુદગળીક સુખની

ઇચ્છા ઘણી છે પણ વીચારી જો જે પુદગળ દ્રવ્યની અનંતી વર્ગણા અનંતા પ્રમાણું સર્વ અનંતીવાર લેઇ લેઇને ભોગવી ચુશી કરીને મુકયા છે તો હજુ સુધી પણ ત્રશ્ના ન છુટી વળી હે ચેતન તેં ભવ અનંતા કયા જન્મ મરણ પણ અનંતા કર્યા. ચૌદ રાજયમાં એક એક લોકાકાશ પ્રદેશે અનંતા જન્મ મરણ કર્યા. વીના કોઇ પ્રદેશ રહ્યો નથી. તોપણ હે ચેતન તું કાંઇ વીચાર તો નથી તે વાસ્તે તું પ્રતીબોધ પામ્ય પરભાવ પ્રણીત લક્ષ્મી મુકીને આત્મ સતા ભણી નિહાળ. જ્ઞાન, દર્શન, ચારીત્ર એહવા ગુણ અનંતા તારી સતાના ઘરમાં છે તેને મુકી પુદગળના ટુકડા શું ઇચ્છે છે. એ પુદગળીક તન ધન કુટુંબ તારૂ નથી તારી સાથે આવવાનુ પણ નથી તે ઉપર એક જ્ઞાન પદમાં શીખામણ સાંભળ.

રાજા વાત કહું છું સાચી, પરણ્યો સાથ મારી એ. એ દેશી.

ચેતન વાત કહૂં છું સાચી, મીલકત તારી નથી
મીલકત તારી નથી, મીલકત તારી નથી, ચેતન વાત
કહું છું સાચી, મીલકત તારી નથી. એ આંકણી.
કાયા માયા બાદલ છાયા, જગ સ્વપનેકી માયા.
આયા એકીલા જાય એકીલા. ફોગટ જન્મ ગમાયા. ચે૦ ૧
બાળપણું તે ખેલ ગમાયો, જોવન કામ વશી;
વૃદ્ધાપણા મેં ધર્મ ન ધ્યાયો, માયા જાળ ફશી. ચે૦ ૨
માત પાતા સુત ભાઇ ભત્રીજા, સબ સ્વાર્થકે આથી;
આઇ અચાનક કાળ ગૃહે જબ, કોઇ ન આવે સાથી. ચે૦ ૩
તન ધન જોબન કારમોહે, સંધ્યા રંગ સમાન;
અંજળી જળ જ્યું આયુ અથીર હે,
જેશો જળધી ઉદાન. તન૦ ૪

કુડ કપટ કર માયા જોડી, કુટુંબ કબીલો પોસ્યો;
અંતે પાપની ગાંઠડી બાંધી, નરકની ગોદ ફસ્યો. ચે૦ ૫
યા સંસાર ઓસકો પાણી, વીણસત વાર ન લાગે;
ધન્ન અનાથી સરીખા મુનીવર, એહ સંસારને ત્યાગે.
ચેતન૦ ૬
તે માટે ચેતનજી તુમ તો, માયા મુમતા ત્યાગી.
શ્રી જીન ભાષીત ધર્મ કરો થઇ, ધન મુની પદ રાગી.
ચેતન૦ ૭

એવા ઉપરના જેવા આત્મીક પદ સાંભળી હે આત્મા નીજ આત્મીક સુખનો ભોગી થઇ તાહારૂ અંગુહારી. પદ અવીચળ સુખ નીપજાવ્ય. જીમ તારે જન્મ મરણના ફેરા ટળે તે વાસ્તે શ્રી પંચ પરમેષ્ટીનું ધ્યાન સમરણ કરતાં થકાં જીમ તાહારો આત્મા નીર્મળો થાય.

શ્રી પંચ પ્રમેષ્ટી જેવી રીતે છે તેહુની વીધીઓ લખી તેહનું ધ્યાન કરતાં ચેતના અડોલ કર, તેથી માહા નીરઝરા થઇ આત્મીક ગુણ પ્રગટ થાશે. પ્રમાદ છાંડીને ધરમ કારજ અવલંબને રહેવું. પણ હે ચેતન મહા કષ્ટ પડે થકે ધર્મ છાંડીશ નહી. ધર્મરૂપી પુંજી હશે તો જીહાં જઇશ તીહાં સુખ પામીશ તે વાસ્તે શ્રધા રાખીને શ્રી વીતરાગનો ધર્મ અહીંસક રૂપે આણા સહીત કરજે. જેમ થોડા કાળમાં આવ્યાબાધ સુખ નીપજે તે સુખની ઓપમા નથી. એવું સુખ નીપજાવવા ધર્મ કારણ શેવવાં, એહવી ભાવના આત્મા માંહી ભાવવી.

અહો ચેતન તું આત્મ સ્વરૂપ વીચાર સર્વ જીવનું અવલંબન તજી ઉતમ જીવનું આલંબન કરજે. અપ્રમાદપણે સાધન કરજે પણ લોકોને દખાડવા બહુ

માન કરાવવાની સાધના કરવી નહી. લોકે ભલો ભલો કહે તાહારી ગરજ ન સરે એતો ભવાઇયાપણું છે. તે ભવાઇપણું મુકી તાહારા આત્માના અર્થે સાધન કરવા મુની ભાવ વીચાર. જે રાજ રાધી, સંપદા, મુકી ઇં દ્રીયના ભોગ મુકી આત્માના અર્થે તારૂં સાધન કરે છે સદા અપ્રમાદપણે વીચરે છે. એકની: કેવળ પોતાનુ સ્વરૂપ પ્રગટ કરવા ઉજમાલ છે. ચેતના નીર્મળ રાખેછે પુદગળને ચેતન ભીન્ન કરી જાણે છે, શરીર ઉપર મુરછા રાખતા નથી જે એમ જાણે છે કે જ્ઞાન, દર્શન, ચારીત્ર, ક્ષાઇક નીપજે તે મારે કામ છે, ચારે શરીરથી શો સંબંધ છે? એહનો સબંધ છે, તીહાં સુધી આવ્યાબાધ સુખ રોકાણું છે તે વાસ્તે થોડા કાળ માં આવ્યાબાધ સુખ નીપજે એ રૂડુ. એહવા મુની રાજના પ્રણાંમ છે તે મુનીને ધન્ન છે વળી મુનીરાજ માહારાજ સાલંબન તથા નીરાલંબન ધ્યાંન કરેછે આલંબન ધ્યાન તે શ્રીજીન મુદ્રા નીરખી શ્રી જીનેશ્વરના ગુણ ચીંતવન કરેથી ચેતના થીર થાય. પછે નીરાલંબન ધ્યાન કરે તેવારે શ્રી સીદ્ધ ભગવાનનું ધ્યાંન કરે છે. શ્રી સીદ્ધ ભગવાંન સકળ પ્રદેશે નીરાવરણ થાય અવ્યા બાધ સુખના ભોક્તા થયા, અવર્ણે, અગંધે, અરસે, અફાસે, અનંતજ્ઞાન દર્સન, ઘટા, અચળ પ્રદેશપણે રહી છે. એક સમયમાં ખટદ્રવ્યનો ઉત્પાત વય ધ્રૂવપણે સર્વ જાણે છે, સમય સમય અનંતો આણંદ ઉપજે છે. શર્વ ઉપાધી રહીત થયા છે. એહવું નીરાલંબન ધ્યાંન કરે. તે ધ્યાંન કરતાં અતિ તીવ્ર પ્રણામ થાય. તો ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન, કેવળદર્શન ઉપજે લોકાલોક પ્રકાશ થાય. તે વા

સ્તે હે આત્મા મુની ભાવના ભાવવી, સદાચેતના નીર્મ
ળ રાખવી, ચેતના નીર્મળ થયાં ખટદ્રવ્ય વસ્તુ ધર્મની
ઓળખાંણ હોય તો પ્રાણાંતે કષ્ટ પડે તોપણ ચળે નહી.
તે વાસ્તે ભાવ ધર્મની ઓળખાંણ હોય તો પ્રાણાંતે
કષ્ટ પડે ચળે નહી. તે વાસ્તે ભાવ ધર્મનું ઓળખાણ
કરવું તે સારૂ છે. અહો આત્મા તું પ્રમાદમાં કાળ કે
મ કાઢે છે. તું કેમ વીચારતો નથી. જે મનુષ્ય ભવ
રત્ન ચિંતામણી સરીખો પામીને આળે કેમ ખોવે
છે. જે મનુષ્ય ભવની ક્ષીણ કોડા કોડી રત્ન દીધે પણ
ન પામીયે. તે તું પુરવ પુન્યના જોગે પામ્યો, પીણ
હવે તું હારીશમાં, અને શ્રી દેવાધી દેવ તેહના વચ-
નની પ્રતીત કર, જેહ ઘાતીકર્મ ક્ષય કરી કેવળજ્ઞાન
પામ્યા લોકાલોક પ્રકાશ થયા તેમણે મહા કરૂણા ઉપની. જે
થા જગત્રનાં પ્રાંણી પાંચ પ્રમાદના વશે પડ્યા સંસારમાં
ભમે છે. જન્મ મરણના દુઃખ સહે છે. તે જોઇ મુની
મહારાજે દેશના દેઇને જગત્રના પ્રાંણી નીહાલ કર્યાં.
સમકીતના દાંન દીધાં, સર્વ વીરતીનાં દાન દીધાં. દેશ
વીરતીના દાંન દીધાં મોક્ષ નગરનો પોચાવણ હાર
એહવો જગત ગુરૂ તેહના વચનની પ્રતીત કરીને ધર્મ
કરવો. મોહમાં તથા પાંચેંદ્રીના વીષયમાં મુંઝા. નહી હે
આત્મા વીભાવમાં તું રમણ કરે છે પીણ આત્માને
આવરણ વળગે. તેહની ખબર તુજને પડતી નથી. સ
મય સમય જેહવા તારાઅધ્ય વસાય થાય છે. તેહવી
કરમ વર્ગણા વળગે છે. તે વાસ્તે સુભ કારણ જોડીને
તારા પ્રણાંમ સુધાર્ય તથા આ લોક આસંસા પરલોક
આસંસા જે પુદગળીક વસ્તુ મુજને કોઇ દેવ આપે.
માહારા ધર્મમાં વીઘ્ન ટાળે. માહારી જશ કીરતી થાય.

એહવી આશંસા આ લોકની કરવી નહીં. પણ એમ વીચારવું જે તાહારા કર્મ જનીત વીઘન તાહારા આત્માથી અરીહંત ભગવંતના સ્મરણથી મટવાના છે. બીજા અન્ય દેવ કોઇથી મટવાના નથી, તો ફોકટ આ સંસાકરવી, એ સંસારે હેતુ છે. હવે પરલોક આ સંસા જે વૈમાંનીક પદવી તથા ચક્રવ્રતીની પદવી તથા રાજ્ય પાંમું. એહવી પરલોકની આ સંસા રહીત એક નીઃકેવળ પોતાનો આત્મા નીરાવરણ કરવા હે આત્મા તે તું ધર્મ કર. લોક પરવાહ છોડય. તું જ્ઞાનદશાએ જો જે ઇંદ્રીય સુખમાં રાચ્યા છે, આત્મીક ધર્મનું જાણ પણું નથી. તેહની અનુજાઇએ ચાલવાથી ધર્મ તું કીમ સાધી શકીશ! તે વાસ્તે ધર્મનાં કારણ જે સામાયક, પોસહ, પડીકમણાં, શ્રી જીનપુજા, ધર્મ ચર્ચા, સઝાય ધ્યાંન, એહવાં સુભ કારણ જોડીને આત્માને સમારવો. વીકથા સંસારની વારતામાં કાળ ન કાઢવો તે માટે સુભ કારણે શ્રી જીનશાસન આરાધશે તો આગળ પીણ થોડા કાળમાં શ્રી જીન સાસન પામશે. અને વળી આ ભવમાં આળશ કરશે તો ઘણો પશ્ચાતાપ કરશે. તે કારણ માટે રાગદ્વેષ છાંડીને સરલપણે સમતા સહીત પંડીત વીર્ય ફોરવવાનાં ધરમનાં કારણ શ્રી પંચ પ્રમેષ્ટી પરમેશ્વરનું ધ્યાન ઓળખી કરી સદા ચેતના ગુણી આલંબનમાં રાખી ધર્મ કરણી કરશે. તે જીવ ભવ લેપે કરશે, તે માટે અહો આત્મા તુજને જો આવ્યા બાધ સુખની ઇછા હોય તો પંચ પ્રમાદ તજી એહવી આત્મામાં ભાવના ભાવ્ય જીમ તારી ચેતના નીર્મળ થાય.

તથાહી દુહા.

આત્મ ભાવના ભાવતા, આત્મ બોધ અભ્યાશ;
આતમ બોધ પ્રકાશનો, બીજો કહ્યો પ્રકાશ.

ઇતિ આત્મબોધ પ્રકાસે આત્મ ભાવના રૂપ દ્વીતીય પ્રકાશ સંપુરણં.

હવે વળી પ્રમાદને વશ પડ્યા થકા પુર્વોક્ત ધર્મ કરણી ન કરે, તેવા પ્રમાદી જિવને દ્રષ્ટાંતે કરી ભાવી દુઃખ દેખાડે છે.

હે આત્મા જેમ પતંગીઓ તથા ભમરો મ્રગ તથા ખગ એટલે પારેવા પ્રમુખ પક્ષી તથા સર્પ અને માછલા, તથા હસ્તી, વ્યાઘ્ર ઇત્યાદીક સર્વ જીવ તે પ્રમાદ જે શબ્દાદીક વિષય તેહના વશ થકી મરણ સબંધી દુઃખે કરીને શોચનીય થાય છે. તેમાં પતંગ તે નેત્રના વીષયથી દીપ શીખાએ મોહયો થકો મ્રત્યું પાંમે છે. અને ભમરો ઘ્રાંણ એટલે નાશીકા ઇંદ્રીના વિષય થકી કમળ મધે મુજાઇ મરે છે. મ્રગ શબ્દ વીષયથી નાદનો મોહયો પારધી થકી મરણ પામે છે. પક્ષી શાળ પ્રમુખ કણને લોભે રસનેંદ્રીયના વશ થકી જાળમે પડે છે. સર્પ કાનના વિશયથી મહુરના નાદનો મોહયો બંધન પાંમે છે. મત્સી વળી સમાન મંસની લાલચે રસ નેંદ્રીયના વશથી મરે છે. હસ્તી હસ્તીણીના મોહથી સ્પર્શ નેંદ્રીયના વશે બંધન મરણાદી પામે છે. વાઘ્ર પીંજરા માંહે રહેલા બોકડાના માંસની લાલચે રસનેંદ્રીયનાવશે મૃત્યુ બંધનાદીક પામે છે ઇત્યાદીક બીજા પણ ચીત્રા પ્રમુખના દ્રષ્ટાંત જાણવાં તે માટે હે આત્મા તું પણ તે પતંગાદીકની પરે પ્રમાદના વશ થકી ચીરકાળ લગે શોચનીય થઇશ.

વળી હે આત્મા તું પ્રમાદ જે મદ્યાદીક પાંચ તે ના વશ થકી મનુષ્ય અવતાર હારીને પછે પરભવે દુખીયો થકો ઉરભ્ર જે બોકડો કાંગીણી ઉદકબીંદુ આ મ્ર વાતકી રજા, વણીક ત્રણ જે ત્રણ વ્યાપારી, શાકટ જે ગાડા વાહક, ભીક્ષુક જે રાંક, ઇત્યાદીકોનાં દ્રષ્ટાંત તે તું પણ ઘણું શોચના કરીશ. ઇહાં સંક્ષેપથી ઉર ભ્રાદીકનાં દ્રષ્ટાંત લખે છે. તેમાં પ્રથમ ઉરભ્રનું દ્રષ્ટાંત કહે છે.

જેમ કોઇ ગામમાં કોઇકના ઘર મધ્યે એક બોકડો હતો તે કોઇક પ્રાહુણો આવશે. તે વારે એ હનું માંસ કામમાં આવશે એમ ચીંતવીને તે ઘરનાં માણસો તે બોકડાને અનાદીકે કરી પોષે છે. અનુક્રમે તે બોકડો ઘણું પુષ્ટ સારો થયો. હવે તે બોકડાને દેખીને એક વાછડો મનમાં ખેદ પામ્યો થકો ક્રોધ ધરીને દોહતાં શોશા રેહ્યું જે પોતાની માતાનું દુધ તેહને ધાવે નહી. તે વારે માતાએ ક્રોધનું કારણ પુછ્યું તેવારે કહેવા લાગ્યો. હે માતા જુઓને આ બોકડો યથેસ્ટ અનાદીક ખાય છે. તેહથી કેવો પુષ્ટ થઇ રહયો છે. એહને પુત્રની પરે પાળે છે, નાના પ્રકારના અલંકાર પેહેરાવે છે અને મુજને તો પોતાની માતાનું દુધ તે પણ કોઇ પીવા દેતો નથી, તથા સુકા તરણ તે પણ વખત ઉપર પુરાં મળતા નથી. એહવું સાંભળી માતાએ કહ્યું. હે વત્સ્ત જેમ રોગીઓ મરવા પડયો હોય. તે હને જે કાંઇ ખાવા માગે તે આપે. તથા ફુલની માળા પ્રમુખ પેહેરાવે તેમ એ બોકડાને પણ બધ્ય મંડનની પરે શૃગારાદીક કરે છે. પોષે છે. પણ કોઇ પ્રાહુણા આવશે, તે વારે પરીક્ષા જાણાસે. તે સાંભળી વાછડો

છાનો રહયો. પછે કોઇક દીવસે તેહને ઘરે પ્રાહુણા આવ્યા. તે વારે તે બોકડાને બાંધી ઊંચું કરી ઘણું તરફડતો જીભ કાઢતો દીન સ્વરે આરડતો મૃત્યુ પમાડયો. તેહના માંસને ખંડો ખંડ કરી પચાવીને પ્રાહુણા સહીત સહૂ કુટુંબે ઘર ધણીએ ભક્ષણ કીધું તે વ્રતાંત દેખીને વાછડો ભય પામ્યો થકો ભુખ્યો તરસ્યો થકો પણ માતાનું દુધ પીએ નહી. તે વારે માતાએ પુછે થકે તે બોલ્યો. હે માતા મેં બોકડાની એહવી ભુડી અવસ્થા દીઠી તેથી મુજને ધાવવાની પણ વાંછા થતી નથી. તે વારે માતાએ કહ્યું હે પુત્ર જે ગ્રહ થઇ ઈંદ્રીયોને પોષે. તેહના એહવા હવાલ થાય-પણ જે સમભાવે પોતાનો નીર્વાહ કરે. તેહના એહવા હવાલ ન થાય એમ કહીં વાછડાને સમજાવ્યો એ દ્રષ્ટાંતનો ઇહાં ઉપનય જોડવો "જેમ તે બોકડો જીવતવ્યની વાંછાએ નીર્ભયપણે યથેષ્ટ પૃષ્ટી થાતો થકો પ્રાહુણા આવ્યે મૃત્યુ પાંમ્યો તેમ હે આત્મા તું પણ પ્રમાદે પૃષ્ટ થકો યથા ઇછાએ વીચરે છે. પણ મૃત્યુ આવે થકે મનુષ્ય જન્મ હારી નર્કાદીકના દુઃખ પામી ઘણું શોચ પામીશ. હવે બીજુ કાંગણીનું દ્રષ્ટાંત કહે છે.

જેમ કોઇક રાંક પરદેશ જઇ મજુરી કરીને એક હજાર સોનઇયા કમાયો પછે પોતાના દેશ તરફ ચાલ્યો તે વારે રસ્તામાં ખરચી સારૂ એક રૂપક વટાવી તેહની એંશી કાંગણી સાથે રાખી બીજા સર્વ દ્રવ્યની વાંસળી ભરી શીવીને રાખી. એક દીવસે કીહાંક મારગમાં વિશ્રામ સ્થાનકે એક કાંગણી વીસરી તે સથવારા સાથે આગળે જાતાં સાંભરી, તેવારે તે રાંકે વીચારયું જે એક કાંગણીની ખોટે રખેને બીજું રૂપક વટાવવું પડે

ઇમ ચીંતવી સથવારો મુકી દ્રવ્યની વાંસળી કીહાંક છુ પાવી ને તે કાંગણી લેવા પાછો વળ્યો આવીને જુવે છે તો કાંગણી કોઇક લઇ ગયું અને પાછો ફરીને જુ વે તો વાંસળી પણ કોઇ લઇ ગયુ પછે નીરાશ થઇ અતોભ્રષ્ટત તો ભ્રષ્ટ થયો થકો ઘણું શોચ કરવા લાગ્યો. જે મ તે રંકે કાંગણીના લોભથી હજાર સોનૈયાની વાંસળી અને તે કાંગણી બંને ખોઇ ને ઘણા શોચનું ભાજન થયો તેમ હે આત્મા તું પણ પુર્વે અપ્રાપ્તકાંમ ભોગ થકો બહુ મુળ ચારિત્ર પાંમીને વળતું કાંગણી તુલ્ય કાંમ ભોગની લાલસાએ ચારિત્ર તજીને કાંમભોગ ગવેખતો થકો કાંમભોગ પણ ન પામે અને ચારિત્ર પણ ન પામે એમ ઉભય ભ્રષ્ટ થયો થકો તે રાંકની પરે ઘણું શોચ પામે ઇહાં કાંગણી તે એક માસાનું ચોથો ભાગ અ- થવા વીસ કોડી. અથવા એક રૂપૈઆનું એશીમો ભાગ જાણવો, હવે ત્રીજુ ઉદકબીંદુનુ દ્રષ્ટાંત કહે છે.

કોઇ વનમાં કોઇ તૃષાતુરને કોઇ દેવતાયે કરૂણા કરી ને ક્ષીર સમુદ્રના કાંઠે જઇ મુકયો, તે મુરખે તીહાં પાંણી પીધુ નહી, અને દેવતાને કહ્યું જે હે સ્વાંમી માહરા ગાંમની સીમમાં કુવો છે તેહને ઉપકાંઠે ડાભ ની અગ્રેલવમાંન એક જળ બીંદુ છે તે ખરી પડશે માટે મુજને તીહાં મુકો તો બીંદુઓ પીઊં તે સાંભળી તેહને દેવતાએ મુરખ દુરભાગ્ય જાણી તીહાં મુકયો, દેવતા પોતાને સ્થાનકે ગયો. પછે તે બીંદુઓ પણ ખ રી પડયો તે દેખીને મુર્ખ ઉભય ભ્રષ્ટ થયો થકો શો ચ કરવા લાગ્યો તેમ ઇહાં તૃષાતુર તે જીવ ને ક્ષિર સમુદ્ર તે ચારીત્ર અને દેવતા તે સદગુરૂ તથા જળબીંદુઆ રૂપ કાંમભોગનાં સુખ એમ ઉપનય જાંણવું. હવે ચોથુ

આમ્રદ્રષ્ટાંત કહે છે કોઇક રાજાને આંબાનાં ફળ ઘ-
ણાજ વલ્લભ હતાં એક દીવસે ઘણાં આંમ્રફળ ખાવા
થકી અજીરણ, વિશુચીકા થઇ પછે વૈદ અનેક ઔષધે
કરી ઘણા કષ્ટે નિરોગી કીધો વળતું વૈદ કહ્યું હવે
જો આંમ્રફળ ખાશો તો મરણ પાંમશો એમ કહી
સર્વથાવાર્યો રાજાએ પણ પોતાના દેશમાંથી આંબાનાં
સર્વ વ્રક્ષ છેદાવી નાંખ્યાં હવે કોઇક દીવસે રાજા આહેડે
નીકળ્યો તીહાં દુષ્ટ અશ્વે પરહર્યો એવો પ્રધાન અને
રાજા બેહુ જણ ઘણા દુર પંથે કીહાંક અટવીમાં જઇ
પોહોત્યા સૈન્ય સર્વ પાછળ રહ્યું, રાજા પ્રધાન બંને
જણ અશ્વથી ઉતરી આંબાની છાયાયે બેઠા તે આં
બા નીચે ફળ પડતાં દેખી રાજાને ઘણા દીવસે અભી
લાષ થયો પ્રધાને ઘણું વાર્યો તોપણ તે ફળ ખાધું એ
ટલે તત્કાળ મૃત્યુઅવસ્થા તુલ્ય થયો, થકો શોચના કરવા
લાગ્યો–જેમ તે રાજા આમ્રના સ્વાદ લુબ્ધો થકો પ્રધાને
વાર્યો થકો પણ તે ફળ ખાઇ રાજા જીવ્યત્વની આશા
તજીને મરતાં માહા શોક પાંમ્યો તેમ ઇહાં પણ વિષય
લુબ્ધકજીવ વિષયને પરવશ થકો જીનાજ્ઞા અણમાંનતો
કામભોગા શક્ત થઇ સંજમ અને મનુષ્ય જન્મ બેઉ
હારીને પછે પશ્ચાતાપ કરશે. હવે પાંચમું દ્રષ્ટાંત કહેછે.–

એક વણીકને ત્રણ પુત્ર હતા તે ત્રણને હજાર હ-
જાર સોનૈયા થાપણ આપીને કહ્યું જે એટલા દ્રવ્યે તમે
વ્યાપાર કરીને અવધી ઊપરે આવવું હવે તે ત્રણે જ
ણ બરાબર નાણું લેઇને જુદે જુદે નગરે ચાલ્યા તી-
હાં પેહેલો ભાઇ સર્વવ્યસન રહીત અલ્પવ્યય કરતો
થકો વ્યાપાર કરવા લાગ્યો તેમાં ઘણું કમાણો અને
બીજો હજાર સોનૈયા કાયમ રાખીને લાભ આવે તે વાવરે

એ રીતે મુળ દ્રવ્યને જાળવી રહયો, અને ત્રીજે વેપાર કીધો નહીં, અને વેસ્યાદિકના વ્યસનમાં સર્વ નાણું દ્રવ્ય વાપરી નાંખ્યું અનુક્રમે તે ત્રણે જણ પોતાના ઘરે આવ્યા, તેહેનું વ્યતીકર જાંણીને ત્રીજે પુત્રે મુલ નિમે પણ ન રાખ્યો માટે પીતાએ ઘરથી બાહાર કાઢી મુકયો, લોકમાં નીંદનીક થયો, દાસપણું પામ્યો જેમ તે ત્રીજો પુત્ર નિમીમુલને હારીને નીંધા અવસ્થા પામ્યો તેમ આત્મા વિષય લુબ્ધ થકો પુર્વ જન્મ પુન્ય રૂપ મુળ નિમે હારીને જન્માંતરે કુરગતીને પાંમ્યો થકો ઘણું શોચ પાંમે છે.

હવે છઠો શકટનો દ્રષ્ટાંત કહે છે.

જેમ કોઇક ગાડાને વાહક સમવિશમ માર્ગ જાંણતો થકો પણ વિશમ માર્ગે ગાડાને લઇ ગયો પછે ધુસરૂ ભાગે થકે શોચ કરવા માંડયું તેમ ઇહાં પણ જીવ પુન્ય પાપાદીક માર્ગને જાંણતો થકો પ્રમાદના પરવશાપણા થકી કુમાર્ગે ચાલતો કુગતિમાં પડશે તેવારે શોચ પાંમશે—હવે સાતમુ ભિક્ષુકનું દ્રષ્ટાંત કહે છે.

કોઇક ગાંમનો રહેવાશી પુરૂષ દાલિદ્રે પરાભવ્યો થકો. દેશાંતરે જઇ ભિક્ષા માંગે પણ પુન્ય રહીતપણા થકી ભિક્ષા ન પામ્યો તે વારે ફરી પોતાના ઘર તરફ ચાલવા નિકળ્યો માર્ગમાં કોઇ ગામના ઝાંપા પાસે એક દેવળ છે તેમાં રાત્રે જઇ સુતો તે દેવળમાંથી એક સીધ પુરૂષ ચીતરેલું કામ કુંભ હાથમાં લેઇ નીકળ્યો પછે એક બાજુએ ઊભો રહી ઘડાને કહ્યું હે કુંભ ઇહાં મંદીર કર. એટલે તીહાં મંદીર થયું, એમ તીહાં સજ્યાદીક ભોગ સામગ્રી સર્વે કીધી પછે સ્ત્રી સહીત રાત્રે ભોગ ભોગવી પ્રભાતે સર્વે સંગ્રહ્યું તે દેખી તે ભિ-

ક્ષુકે ચીંતવ્યું જે આજ લગણ હું ફોગટ પૃથ્વીમાં ભ
મ્યો હવે જો હું એ સીધને સેવું તો માહારી સર્વ આ
શા ફળે એમ ચીંતવી તે શીઘ્ર જોગીશ્વરની સેવા કરી
એક દીવસે તે સીધ જોગીશ્વર પ્રસન થઇ બોલ્યો જે
તું શું માગેછે તેવારે ભિક્ષુક બોલ્યો જે તાહારા પસાયથી
હું પણ એહવો ભોગ પામું. જોગીશ્વરે કહ્યું તુજને ગ
મે તો એ કુંભ લેઇ જા અને ગમે તો કુંભ પ્રતીષ્ટા·
ની વિદ્યા લેઇ જા તેવારે તે ભિક્ષુક બોલ્યો હે સ્વામી
વિદ્યા તો કષ્ટ કરી સાધ્ધ તેવારેજ ફળે તે માટે વિદ્યાસીદ્ધ
કુંભ છે તેહીજ મને આપો તો કષ્ટ કીધા વીનાજ
ભોગ સીધી પામું પછે તે સીધ જોગીશ્વરે ઘડો આ-
પ્યો હવે તે ગામડીયો ઘટ લેઇને ઘરે આવ્યો ઘટને
પ્રતાપે ઉજ્વળ ઘર નીપજાવી વીવીધ ભોગ સામગ્રી મે-
ળવી, પોતાનાં સર્વ કુટુંબ સહીત મનોવાંછીત વિલાસ
ભોગવવા લાગ્યો પોતાના સ્વજનાદીકને ખેતી પ્રમુખ
આ જીવીકાના ઉપાય સર્વ મુકાવ્યા, ઢોર પ્રમુખ ચ-
તુસ્પદ સર્વ છોડી મુકાવ્યા, એક દીવસે તે ગ્રામીણ
મદપાને છાકટો થઇને મનમાં હર્ષ પામતો થકો તે વિ
દ્યા કુંભ ખભા ઉપર લેઇને નાચવા લાગ્યો. મદ્યપાનના
પરવશાપણા થકી ઘટ પડીને ભાગી ગયો તેવારે દુખી
થયો થકો શોચ કરવા લાગ્યો કે હા હા, ઇતી ખેદ જો
મેં ઘટ સીધની વિદયા લીધી હોત તો સુખી થાત
એવી રીતે જેમ તે ગ્રાંમીક ભિક્ષુ પરીયટન કરતાં દૈવ
વશાત કામ કુંભ પામીને વળી મદ્યપાનની પરવશાતા
થકી કુંભ ભાગી નાંખીને વિદ્યાનું સોચ પામ્યો તેમ
હે જીવ તુ પણ દુર્લભ જીન ધર્મ પામીને પ્રમાદ પરવશ
તાથી ધર્મ હારીને કુગતીએ ગયો થકો ધર્મ સામગ્રી

વીના સોચ પામે. એ સાત દ્રષ્ટાંતના સંબંધ જાણવા તેમાં પેહેલાં પાંચ દ્રષ્ટાંત તો શ્રી ઉતરાધ્યનના સાતમા અધ્યયનથી તથા છઠો દ્રષ્ટાંત પાંચમા અધ્યયનથી અને સાતમો દ્રષ્ટાંત છઠા અધ્યયનથી લખ્યું છે તે વીચારી પંચ પ્રમાદ તજી હે આત્મા તાહારો આત્મબોધ પ્રકાશ કરીશ તો સીધ વધુની સેજમાં આવ્યા બાધ સુખ ભોગવીશ એ સર્વ શાસ્ત્રનો રહસ્ય છે.

દુહા-આવ્યાબાધ જો સુખ ચહે, તો આત્મબોધ વિકાશ;
આત્મબોધ પ્રકાશનો, ત્રીજો કહયો પ્રકાસ.

ઇતિ આત્મબોધ પ્રકાસે ભાવી દુખ દ્રષ્ટાંતોપનય ત્રીતિય પ્રકાસ સંપુર્ણમ્. ૧

હવે આત્મબોધ પ્રકાશ સામર્થ્ય સામર્થાંત વૈરાગ્ય વિષયા ધીકાર કહે છે.

પ્રથ્વીને વિશે વિષયમાં અને ગુણમાં એ બેહુ પ્રકારે વૈરાગ્ય પર્વર્તે છે, તેમાં વિષય વૈરાગ્ય તો અમુખ્ય પણે કહ્યું છે, બીજુ અધ્યાતમ ભાવયુક્ત ગુણ વૈરાગ્ય તે મુખ્યપણે જાણવું. જે વિષય વૈરાગ્ય છે તે પ્રામી ગોચરપણે વર્તે છે, પણ નિશ્ચયથી જ્ઞાતા પુરૂષ તે રૂપ રસાદિકને વિશે આશક્તી કરે નહીં જે વિરક્ત ચિત વાળા તે અવીકારી થકાજ હોય કેમકે જે આત્મબોધ રૂપ અમૃત ધારાને આત્મબોધ વીશે મંજન કરતા હોય, તેહને શબ્દાદીક વિષયની ઘટા શું કરનાર છે! અર્થાત તેને કાંઇ વિષયની ધારા પારા પીડા કરતી નથી. વળી હે આત્મા જોગીશ્વર અન હદના દેશ હીત છે તેને યોગ્ય મારગે કરીને સર્વ દેહરંધ્ર પુરીને હર્ષ પદ અથવા ઓંકાર ધ્વની મનમાં ધરે છે. તેનો બ્રહ્મદ્વારે જે નાદ ઉઠે છે. તેનું નામ અનહદ નાદ કહીયે. તેણે કરી

જે યુક્ત છે તો તેવા આત્મ બોધીનું મન ભલી વિ રતારવંતી આંબાની મંજરીના વાશે વીચરતા જે કોકી લી તેના મનોહર શબ્દ સાંભળીને શું મગ્ન થશે? અર્થાત નહીજ થાય. ને વળી સ્ત્રીના સુકોમળ હાથમાં રહ્યાં જે કંકણ તેનો શબ્દ સાંભળીને પુર્ણ પણે ધુંમ્યાં છે લોચન તેની અનુભવ દિશા રૂપ નાટક કરનારી સ્ત્રીયે પ્રીયકારી સંગીત બંધ કીધા તો તેમાં આત્મ બોધીનું મન રંગાય નહીં એટલે લોભાય નહી.

વળી સ્ત્રીની પંચમરાગના ધોળના તે સમતા પદની શ્રેણીનાં મધુર આલાપની રતીવાળા શુધ ચેતનાવંત આત્મબોધીને રૂચે નહીં એટલે શુધ ચેતનવંતને ખલ નાકારી ન થાય.

વળી અવિનાશી સહજ નિર્મળ અને વિસ્તાર પામતુ એહવું જે પોતાનું સ્વરૂપ તેહના જોનાર આત્મબોધી તેને તો જેનું નીરૂતર શીલ અક્ષય છે અને વીર્ય રૂ- ધીરથી ઉપજ્યું એહવું જે સ્ત્રી આદીકનુ રૂપ તે પ્રીય કારી લાગતું નથી. જેહનો નાશ નથી એહવી અનુભવ દીશાને જોવાનો રસ છે તેવો રૂપ તે બીજાને જોવા યોગ્ય છે, તથા નાશ વર્તે છે અને ચર્મ ચક્ષુનો વિષય છે એહવો જે રૂપ તે જોવા થકી તેનો જે રસ તે નિ- શ્ચય નય થકી હર્ષકારી ન થાય ને રતીના સુખને દે- ખીને તથા સ્ત્રીના નેત્ર વિભ્રમની ચેષ્ટાએ કરીને અ- બુજ જે અજ્ઞાની પ્રાણી તે ઘણો હરખ પામે છે. પણ એ વિભ્રમ વિલાષાદીક તો સુકૃત રૂપ પરવતને વજ્ર થઇ ભેદ એવાં છે માટે આત્મા બોધીની દ્રષ્ટી તેમાં રમતી નથી.

વળી કસ્તુરી, માલતીનાં પુષ્પ, એલચી ચંદન તથા

કપુરની સુગંધી તે પંડીત લોકોને મગ્ન કરતી નથી. તેમને તો નીરૂપાધીક અનુભવ ગોચર સ્વરૂપ ચિદાનંદ ને વિષે મગ્નપણું વર્તે છે, પણ રૂપાદીકને વિષે મગ્ન પણું વર્તતું નથી ને જે ઘણા કાળ સુધી ઉપયોગમાં આવે જેની સુગંધીનો વિભાવ રૂપ વાયુ, હરી શકતો નથી એહવી જે શીલ સુગંધી તેહને મુકી આત્મગો- ધીનું ચીત અન્ય સુગંધીમાં લોભાતું નથી.

જેમ વીકશ્વર થતાં જે કમળ તેના સ્વાદ સુગંધ યુક્ત રસે મગ્ન થયા એહવા જે ભ્રમર તેની રસ કુરાંમ ઉપર રતી પામે નહી તેમ અધ્યાતમ રૂપ અમૃત રસ- ના ભોગી જે પ્રાણી તેને બીજા સર્કરાદીક મધુર રસ ની મધુરતા ઉપજતી નથી તેથી ગ્રહતાપણું કરે નહીં. જે આગળ કડવા વિપાક આપે તેવા મધુર રસે શું સારૂં. વળી પ્રગટપણે રાજ્ય રીધી, સ્ત્રી વિષયાદીક સુ ખ પામ્યા અને તે પાછા જતાં રહે તેથી વીકઇ પ્રગટે તો તેવા સુખથી શું સારૂં?

જો રાહાય અવિકારી એવો પુર્ણ નવમો શાંત જે રસ તેને વિશે મન મગ્ન છે તો પુર્વે કહ્યા એહવા ર- સે શું ફાયદો થાય અર્થાત કાંઇજ ન થાય.

વળી એક અચરત જુઓ કે રસના લાલચી તે મ- ધુર રસાને જોઇ અથવા ખાધાની વાત સાંભળીને કહેછે કે માહારા મુખમાં પાંણી ભરાય છે એટલે જિભથીપાં- ણી પડે છે. અને સર્વે વીરતી જે મુનીરાજ તે મોદ- કાદીક મધુર રસ ખાધે આગળ માઠા વિપાક આવશે તેના ભયને વીચારી બેઉ આંખે પાંણી આંણે છે એ- ટલે આંખમાંથી આંસુ પાડે છે.

ઇહાં ચરણ કરણાદીક જે ગુણ તે રૂપ ફુલે કરી પુ-

રી એહુની નિર્મળ જે સુવિકલ્પ કેહેતાં મન કુશળતા રૂપ જે સંધ્યા તેહને વીશે સંતાપ રૂપ સ્ત્રીને આ લીંઘન દેઇને સુવે છે, તેવા આત્મ બોધી તે બાહ્યસ્ત્રીના સ્પર્શને વીશે મન કેમ કરે? અર્થાત નજ કરે.

વળી હૃદયને વિશે નિવ્રતી સુખને વરનારા જે પ્રાંણી તેને ભાવનાચંદનની લેપની વીધી તે હર્ષ આપતી નથી તથા સદૈવ નિર્મળ ભાવને ધરતા જે પ્રાણી તેને જળસ્નાંન વિધી નીસફળ જાણવી, તથા ભોગી પ્રાણી સાથે સ્ત્રી વિલાસ સંભોગના સુખે કરી જન્મારો સફળ માંને છે. અને યોગીસ્વર પુરૂષ મદન જે કાંમ તેની ચેષ્ટા ને સર્પના વીષની તુલ્ય આકરી માંનેછે.

વળી વૈરાગી જિવને આ ભવમાં ક્ષણિક સુખ આપે જે વિષય તે નિશ્ચે થકી કાંઇ હરખકારી નથી કેમકે ત્યાગી પ્રાણીતો પરલોકે સ્વર્ગાદીકનાં સુખ તેને વીશે પણ નિષ પ્રહી છે અને તે તો માત્ર મોક્ષ સુખના જં અભિલાષી છે.

વળી હે આત્મા ગર્વ, અજ્ઞાંન, વિખવાદ, અને મત્સર તે રૂપ ભાવની પીડાયે રહીત એહવા જે દેવતા તેના જે વિષયાદીક સુખ તે પણ વિષ મિશ્રિત દુધપાકનાં ભોજનની પેઠે સારા નથી અર્થાત દેવતાનાં વિષય સુખ તે પણ ઝેર સમાંન છે.

કેમકે સ્ત્રીના વીયોગ રૂપ અગ્નિ તે આંસુરૂપ વીયયે કરી દેદીપ્યમાંન ન થયો એહવો જે શોક રૂપ અગ્નિ પ્રગટે તેથી સ્વર્ગના દેવને પણ પીડા થાયછે તેવારે સ્વર્ગમાં પણ દેવતાના સુખની સ્થિતી છે એહવું કેમ કહેવાય.

વળી જેને વિમાંન સંપદા મોટી છે એહવા દેવતા

ને પણ ચવન વેળાએ જે દુઃખ પ્રગટે છે તે દુખથી દેવતાનું હૃદય માત્ર ફાટતું નથી તેનું કારણ જે હૃદય તે વજ્રના પ્રમાંણુએ કરીને ઉત્પન્ન કરેલું છે તેથી ઘણો કઠણ છે માટે ફાટતું નથી.

જેમની બીડ નંદનવનના ચંદનના વિલેપનવાળાને પરબત ભુમિયે અથવા બીજા કોઇ પણ વૃક્ષે રતી થાતી નથી તેમ મોક્ષના અર્થીને વિષય ઉપર પ્રીતી નથી તેમજ મનુષ્ય તથા સ્વર્ગ પ્રમુખ સમગ્ર ગતિને વીશે પણ પ્રિતી થતી નથી.

એમ વીચારી શુભ બુદ્ધિ સ્થિર કરીને જેને બીજા વૈરાગ્યનો ગુણ પ્રગટ્યો છે. તેવા આત્મબોધીને આત્મ ગુણને વધારે એવી તૃષ્નાનું આગમ રૂપ વૈરાગ્ય પ્રગટ થાય તેથી વિપુલ લબ્ધી, ચારણ લબ્ધી, મોટી આશી વીષલબ્ધી પ્રમુખ અનેક લબ્ધીઓ જો ઉપજે તોપણ તે વૈરાગી મુનીને અહંકાર ભાણીશ્રાય નહીં માત્ર એક મુક્તિ સુખવિના પરાળના પુંજ રૂપ તે માંને છે.

વળી પંડીત તે કોઇ મોટા અતિશયાદિક ગુણના સમુહે સહીત હોય તોપણ મદ ન કરે અને તેથા કાંઇ અધીકતા પણ ન ગણે માત્ર પોતાના શુધ્ધ સ્વભાવમાંજ આણંદ પામે.

પોતાને હૃદયને વીશે મુક્તિસુખ ઉપર પણ લુબ્ધાતા નથી, એક સદ અનુષ્ટાન રૂપ શહેજાનંદના કલોલને મળતી અશંગા નુંષ્ટાન રૂપ પુરૂષની જે દશા તેને વાંછે છે.—

તેવા આત્મ બોધી વૈરાગ્ય વીલાશી પુરૂષને એવી બુદ્ધિ ઉપજે છે. અને તેવા ઉદાર પ્રકૃતિવાળાને યશ

૨૫ જે લક્ષ્મી તે હરખ ધરીને વરવાને ઇચ્છે છે.

દુહા.

સહુજાનંદ જશ જો ચહે, તો કર આતમ વિલાસ;
આતમબોધ પ્રકાશનો, ચોથો કહયો પ્રકાશ. ૧

ઇતી આતમબોધ પ્રકાશે વૈરાગ્ય વિજયનામ ચતુર્થ પ્રકાશ સમાપ્ત.

અથ આતમબોધ પ્રકાશ ગ્રંથ સમાપ્તી મંગળ લીખ્યતે.

દેશી કડખાની.

આત્મબોધ સુબોધ પ્રકાશના,
વાજીઆ ચીહુ દેશે સરસ ડંકા;
મોહ નૃપ ફોજની ખોજ કરવા ભણી.
સજ હુવા સમદમી સુભટ વંકા. આત્મ૦ ૧
વિવેક અંબાડીએ સાજ સીણગાર સજ,
જ્ઞાન ગજરાજ ચડયો. ધરમ રાજા;
જૈનપુર નગરના ચિત સમાધાનમાં,
વાગીયાં સહજ રણતુર વાજાં. આત્મ૦ ૨
તપતણી તોપ ચીહુકોરથી ગડધડે;
ગડગડે સત્ય દશ ચરણ ગોળા;
સત્ય વળી સાચ અકયંચના ધર્મના,
બ્રહ્મ રથે પુરીઆ શસ્ત્ર બોહોળા આત્મ૦ ૩
મોહની સૈન્યમાં બુમ ત્યારે પડી,
સબળ દળ આવીઓ થયો અકાજા.
સોળ સામંત અજ્ઞાન દળ શજ કરી;
આવીઆ સન્મુખે મોહ પાજા. આત્મ૦ ૪
ચાર અનુંતાન બંધીવડા જોધને,
પ્રથમ ચોટે હણ્યા પ્રશમ પાળે;

સંધુવા રાગ તે વીર રસ જાગે,
મંત્રી મિથ્યાત તીગરૂપ બાળે. આત્મ૦ ૫
કામ તણ વામસર સાંધી ફેડે પડયો;
શીળ શન્નાહુ તબ ટોપધારી;
સુભટ સંતોષ તવ ધશમશી તાડીઓ,
નાશતાં પડી તસુ ભુમી ભારી. આત્મ૦ ૬
ખંતી ખડગે કરી ક્રોધને હતીઓ,
મદ્યવ, શેલથી માન વેધ્યો;
અજ્જવ. કિલથી કપટગઢ પાડીયો,
મુક્તિવર તીરથી લોભ ભેદ્યો. આત્મ૦ ૭
ભાવના સુભ તણી નાળ ગોળી કરી,
મોહમદ ગજ તણાં માન મોડી;
હાસ્ય રતી અરતી ભય શોક દુ:ગંછની
ધ્યાન ધારા હણી સુભટ જોડી. આતમા૦ ૮
સકળ સાગંત યુત મોહ નૃપ મારીયો,
જીત નીશાન વાજીત્ર ધુરીયા;
પદ્મ જીનરાજજી પદ્મ સમ નિર્મળી,
કેવળજ્ઞાન કમળા સુ વરીયા. આત્મા૦ ૯
સુરી રાજીંદ્રજી જીમ અરીજીતીને,
આત્માબોધ પ્રકાશી તરીયો;
ભક્તી વછળ પ્રભુ ભકતને તીમ તુમે,
ધન મુની બોધ પ્રકાશ કરીયા. આત્મા૦ ૧૦

અથ આત્મબોધ સમાપ્તી દુહા.

આશ્રવ અસુર દળ ખંડવા, પરભાવન કુંભીમં;
કર્મ રોગ હરવા ભણી, આત્મબોધ હકીમ. ૧
નાગર નવલ સુખ સાગરૂ, ધર્મપાત સાહ ધામ;
આત્મબોધ પ્રકાશ પતી, નિત પ્રતી કરૂં સલામ. ૨

પુર્વ સુરીયે બહુ લીખ્યા, આતમબોધ અસેસ;
તેહને દેખ હું પણ લીખું, તેમાં કીસ્યો વિશેષ. ૩
તોપણ તશ આશય થકી, સ્વપર કરવા વિચાર;
બાળ ભાષા મય ગ્રંથ યહ, કીંચીત લીખો સુધાર. ૪
સુરી રાજેંદ્રની વાણીનો, અર્થ અનંત વિસ્તાર.
ધન મુની તોહું લીખે, આપણી બુધી અનુસાર. ૫

ઇતીસાર અસાર કર્મ નીર્ણય ભાવના ભાવી દુખ
દ્રષ્ટાંત ઉપનય વૈરાગ્ય વિષયીક આતમબોધ ગ્રંથ સમાપ્ત.

અથ શ્રી જઈન તત્વા દર્શ મંગળા દર્શ લીખ્યતે.

મોહન રસીયો આયો બગીયાંસે, ખીલ રહી સબકલી-
ચકલી. એદેશી

જૈન તત્વ આદર્શકે આદી,
મંગળ વીરજીનેંદ્ર કરોરે; જઇને તત્વ.
ગૌતમ ગણધર મંગળ બીજું,
લચ્છી નિધાન ક્રતે જરોરે, જઇન તત્વ. ૧
શ્રી થુલીભદ્રા દિક મુની વરનું,
મંગળ ત્રીજુ અંગ ધરોરે. જઇનતત્વ,
કેવળી ભાષિત ધર્મનું મંગળ,
કરતાં ભવોદધિ સેહેજ તરોરે, જઇનતત્વ. ૨
ભાવ મંગળ વિન દ્રવ્ય મંગળનું,
ફળ નવિ ભાષે સિધાંતી નરોરે. જઇનતત્વ૦ ૩
સર્વ મંગળમાં પેહેલું મંગળ,
ભાવ મંગળ પરધાંન ધરોરે. જઇનતત્વ૦ ૪
તે કારણ સુમતા સખી ભાષે,
ચેતનકું ઉપદેશ ખરોરે. જઇનતત્વ૦ ૫
ધન્નમુની જીનરાજની સરધા,

મંગળ કરી મિથ્યાત હરેરે. જઇનતત્વ૦ ૬

ઇતિ જઇનતત્વા દર્શ મંગળા દર્શ સમાપ્ત.

અથ કુદેવ નિરણયા દર્શ લિખ્યતે.

રાજુલ પોકારે નેમપિયા એસી ક્યાકરી. એ દશી

સુમતી સખી કહે, પિયાએ સીકયા કરી.

હમકુ છોડ ચલે પીયા, કુમતી કે ઘરી. સુમતી ૧

કુગુરૂ કુદેવ કુધર્મ આદરી,

માંનો ભવપાય પિયા, શ્રદ્ધાનાવરી, સુમતી ૨

હરદેવ, અન્યદેવ, જાંણુનાપરી,

ગુણો ગુણ પીછાંણ તસુના કરી ખરી, સુમતી ૩

ધનુષ્ય ગદા ચક્રધર, વેરી સંહરી,

અંધંગે રાખીનાર, વાય મુખે બંસરી, સુમતી ૪

કૂર દ્રષ્ટી નીરખે જાશ, હીયે, હોડરી,

મુદ્રાએ સિ દેખ કેમ, તરે ભવતરી, સુમતી. ૫

હાથગ્રીહી જપમાલ, ધ્યાંન બગ ધરી,

ફિરફીર અવતાર લેવે, મચ્છ ભુચરી, સુમતી ૬

એકતુષે એકરૂપે, રાગ દેશરી,

મારતાર મુખે કહે, કામ, કેલરી, સુમતી ૭

માંને મુંઢ મિથ્યામતિ, એસે દેવરી,

ધર્મ અર્થ કાંમ ધ્યાય, તાસુસે વરી; સુમતી ૮

સ્વામિ હોય જેહવો, તેસો પરિવારરી,

જનવિના દેવ યાને, તાકુધિકારરી, સુમતી ૯

સુરી રાજેંદ્રમુની ચતુનીજ કાજરી,

ધન્ન મુની નાંહી ધ્યાવે, ઓર સુરરાજરી સુમતી ૧૦

ઇતિ જૈનતત્વા દર્શ કુદેવ નિર્ણયાદર્શ સમાપ્ત.

અથ સુદેવ નિરણયથા દર્શ લીખ્યતે.

છોકરાઓ આવો છાપકાંટે રમીએ આજરે એ દેશી.

ચેતનજી તુમે દિલમાં ધ્યાવો અરિહંત દેવારે,
સીવસુખ સંપત્તિ લેવારે, સારે સુરપતિ સેવારે.
લોકાલોકના ભાવા, જાંણે જગત સહાવા.
ભવજલ તારણ નાવા. સોહે દેવના દેવાંરે. ચે૦ ૧
વીતરાગ નીરીહારે, કામ કેસરી સીંહારે;
દીપે દિનકર દેહા, જ્ઞાન દિવાકર તેહા;
વાણી અમૃત મેહા, જાણે સુર તરૂ મેવા ચે૦ ૨
ક્રોધ માંન સંહારીરે, માયા લોભ નિવારીરે;
નિંદ્રા, શોક, ને ચોરી, રતિ, અરતિની દોરી;
મછર ભય બંધ તોરી, વરીયા શીવ વધુ સેવારે. ચે૦ ૩
અલીક વચન, અજ્ઞાનરે, નારી પ્રસંગનો ધ્યાનરે;
પ્રેમ ક્રીડા. મદ, થાન, હાસ્યાદીક એ ઠાણ;
દોષ અઢારે વરજી, પામ્યા ક્ષાયક ભાવારે. ચે૦ ૪
મુદ્રા મોહન વેલીરે, શાંત સ્વભાવની કેલીરે;
પદ્માસન બેઠા સોહે, નિરખંતાં મનડું મોહે;
નેંન સલુણાં સોહે, જેનાં અમી રસ જેવારે. ચે૦ ૫
અન્યદેવની એવીરે, મુરતી ન સોહે તેવીરે;
સમવસરણ મહંતા, ચોત્રીસ અતીશયવંતા;
સરવ ગુણે ગુણવંતા, સુમતા રસના રેવારે. ચે૦ ૬
દેવ તત્વ એ પેહેલુંરે. શીવ રાજનીનો મેળુરે;
ચેતનજી ચિતમાં આવો, સુરીરાજેંદ્ર દિલ લાવો;
સેહેજાનંદ ગાવો, ધ્યાવો ધન મુની વારે. ચે૦ ૭

ઇતી જઇન તત્વા દર્શ સુદેવ દર્શ નિર્ણયા સમાપ્ત,

અથ કુગુરૂ નિર્ણયા દર્શ લિખ્યતે.

ભરી મીજલસમાં પુછુ દાખલા, કહો કવેશર સમજાઇ.
એ દેશી.

સાચી શીખ સુણો કહું શજના. કુગુરૂ સંગસેં ખ્વારીહે;
ધનકણ કંચન કામની રાતા, પાપ તણા અધીકારી હે સા૦ ૧
ભભુત લગાવે અલખ જગાવે, ધુંણી ધીખાવે ભારીહે;
ભાંગ તમાકુ ગાંજા પીવે. મદીરા મંશ અહારીહે. સા૦ ૨
ખાખંબર વાઘંબર પેહેરી, કર્ણમેં મુદ્રા ડારીહે;
ઊર્ધ્વ પાવકરી ઊંધા લટકે, મસ્તક જટા વધારીહે. સા૦ ૩
ભોગ તજ્યા વીન ભગત કહાવે. બ્રહ્મ વિના બ્રહ્મચારીહે.
ગુસ્સા ધરકે ગુસાંઇ કહાવે, પરનારી સંગ યારીહે સા૦ ૪
વિરહમના વિરહામન કહાવે, ફકર કરી ફકીરીહે;
જોગ જત્યા વિન જોગી કહાવે, પીર કહે પર પીરીહે સા૦ ૫
ઇત્યાદીક લૌકીક ધર્મકા, કુગુરૂ જગમે જહારીહે.
અબ લોકોતર કહુ ધર્મકે, કુગુરૂ જે વ્યભિચારીહે. સા૦ ૬
સંજમ લે સમ દમસેં ચુકે, માયા મમતા ધારીહે;
એકણુ થાનીક નીત પ્રતી રેવે, કામની કામ પ્રચારીહે. સા૦ ૭
આધા કર્મી વસ્ત્રને પાત્ર, ભોગવે બહુ સંસારીહે.
ધોવાણ કાળ ન જોવે પાપી, પીવે સાંઝ સવારીહે. સા૦ ૮
ઊનો પાણી એકંત થાપી, ધોવણ રીત કુંટારીહે;
સમચાર કાગળ દેવાવે ગ્રહસ્થી કામ કરારીહે સા૦ ૯
માનો પેત શપેત વસ્ત્ર મુની, ભેખ સિદ્ધાંત મઝારી હે.
તાકુ તજકર કાળા પીળા, વીર આંણ અનાચારીહે સા૦ ૧૦
બુટીદાર દોર્યા ચોખાના, ઝીણાં વસ્ત્ર ધુંવારીહે;
ભાર પોટલા ગ્રહસ્થી ઉપાડે સુખશે કહે આચારીહે. સા૦ ૧૧
પડી લેહણુ મરજાદને ચુકી, દિપક કાચ જગારીહે;
વેલબુટા કરી વિવીધ રંગકા, હાથસેં પાત્ર ચીતારીહે. સા૦ ૧૨

થાનકે લાયા વસ્ત્ર પાત્ર લીયે, થાન બુલાયા ગોચરીહે;
કાથા કેશર સાબુ સંગ્રહે, વિકથા વાત લવારીહે. સા૦ ૧૩
ભેરૂં ભવાની જક્ષ જક્ષણી. અન્ય દેવ કે સમરીહે;
મંત્ર જંત્ર અરૂ કામણ ટુમણ, સ્તુતી સ્તોત્રકર ગુદરીહે. સા૦ ૧૪
અથાણામેં જીવન સરધે, વાસી વિદળ ઢુંગારીહે;
જીમણવારમેં વહેરણ જાવે, સાધુ નહી શંસારીહે. સા૦ ૧૫
સાથ વોળાઉ જાબતા કરકે, સુરજ ઉગ્યા વિન વીહારીહે;
ગાદી તકીયા શીવી પરાળકા, સુવે સેજ બિછારીહે. સા૦ ૧૬
રાતે કારણ વિણ તે રાખે, ઓષધ ચુરણ ગોળીહે;
ઘૃત હળદ્રાદી નીત પ્રતે ખાવે, કાયા પુસ્ટ સમારીહે. સા૦ ૧૭
સોહમગછ મરજાદકુ લોપી, નીજનીજ ગછ થપારીહે;
દાદા ગછકી થાપના રાખે, લોક ભમાવે ભીખારીહે. સા૦ ૧૮
અંગચુલીયા પ્રગટ પાઠઓ, નહી કુગુરૂકે નીજરીહે;
સોહમગછકી નિંદા કરકે, નરકકીશેજો પુથરીહે. સા૦ ૧૯
દયા પાળે જહાં વેરણ જાવે, ભોજનકે મીષ્ટારીહે;
જીન પુજા જીન પ્રતિમા ઉથાપે; વાતો સબ બિષ્ટારીહે. સા૦ ૨૦
મુખડા ધોવે જોવે આરસી, શરીર વિભુષા બનારીહે;
અંગે મસળી નાવે શાબુ, અનાચાર ભંડારીહે. સા૦ ૨૧
એકણઘર નિત પીંડ આહારે, સોબી નહી નીસ્તારીહે;
કારણ વીણ નિત કપડા ધોવે, કેશપાશ નીખારીહે. સા૦ ૨૨
અવગુણ કુગુરૂકા કહા એતા, વિશેષ સુત્ર મઝારીહે
હાથીભાર ગધેકુ લદીયાં, ગધા દિયે વીખારીહે. સા૦ ૨૩
કાળા શાપ કુગુરૂશેં રૂડા, એકણ ભવકા શંહારીહે;
કુગુરૂ ભવોભવ દુખ મેંડારે, જન્મ મરણ દુખદારીહે. સા૦ ૨૪
સમકિત સરધા સુત્ર પંચાંગી, નહી કુગુરૂકુ પ્યારીહે;
સુરી રાજેંદ્ર આણાવહેતાકી, ધનમુની બલીહારીહે. સા૦ ૨૫

ઈતિ કુગુરૂ નીરણયા દર્શ સમાપ્ત.

અથ સુગુરૂ નીરણયા દર્શાં લીખ્યતે.

જગતમેં નવ પદ જયકારા એ દેશી.

ભજો તુમ સતગુરૂ ઉપગારી, જિવનજિં જગમાં જયકારી;
મહા વ્રત પંચ સુદ્ધ પાળે, સુવીહીત મારગ ઉજવાળે
ધરમકી વાડી રાંભાળે, મોહ કે કર્મ ફંદ ટાળે.

દુહા—મોહ કર્મ ફંદ ત્યાગ કેં, ભયે સુદ્ધ અણગાર;
દોસ બેતાળીસ ટાળ કે કાંઇ, લેવે શુદ્ધ આહાર;
તજી સબ વિકથા સંસારી. ભજો૦ ૧
પંચવર સુમતી કે સુમતા, ત્રીહુવર ગુપ્તી કે ગુપ્તા;
ધર્મકા ધ્યાન નીત્ય ધરતા, શુકલ વળી ધ્યાન અનુસરતા.
દુહા—ધ્યાન સુકલકું ધ્યાવતા. સુમતા રસ ભંડાર;
પરીગ્રહ મુમતા નવી કરે, કાંઇ સો ગુરૂ તારણ હાર;
ક્ષમા કે ક્ષીર સંમુદ્ર ભારી. ભજો૦ ૨
પરી સહ ફોજથી નવી ડરીયા. શીખ કરી ભવાજન
ઉધરીયા. કોહાદીક વૈરી સબ હરીયા,
મદન ગજ મારણ કે સરીયા,

દુહા—મારણ મદ ગજ કેશરી, સહજાનંદ કલોલ,
સીવ સુંદરી અંકે રમે, કાંઇ કરી કટાક્ષ કલ્લોલ,
વિષય તજ્યા ઇંદ્રીય વાકારી. ભજો૦ ૩ મુમતા નિજ
દેહીકી છંડી, તજે વળી અશુભ જોગદંડી; નવ વિધ
પરીગ્રહ નવી મંડી, તજે સબ જીન સાસન ભંડી.

દુહા—જીનસાસન ભંડી, ટાળે દુગંછ આહાર,
ભુ જોઇ પગલાં ભરે. કાંઇ લોક વિરૂધ કુ ટાર, આહાર
કરે દુષણ પંચ ટારી. ભજો૦ ૪ પાળવા સંજમ સુખ
દાઇ, ધર્મકી ઉપધી રખે ભાઇ; ચિત નીર લોભી નિ
રમાઇ, અંગપરે ચિંત્યા નહી કાંઇ.

દુહા—ચીંતા અંગ ધરે નહી, પાળે પંચાચાર;

પડી લેહણુ વિઘ્ન સાથવે, કાંઇ સફળ પ્રમાદ નિવાર;
કાગ સુખ કીયા કેકારી; ભજો૦ ૫ કુખ્ખી કે સંબળ
મુની ગાયા, સંનધી રાખે નહી રાયા. યથાસ્થિત દેશ
ના કે દાયા, સત્ય વચન મુખસેં કહે ડાયા.

દુહા—સત્ય વચન મુખસેં કહે, ઇચ્છા જોગ ની
વાર, કાળ પ્રમાણે ખપ કરે; કાંઇ સંજમ દોષ વિચાર,
સોનાસમ ચઢતે ગુણ ધારી. ભજો૦ ૬ કેહેણી ઓર
કરણી એક સારખી, ચલે મગ ઇરીયાકું નિરખી, બોલે
મુખ નીર વદ્યકું પરખી, ગુરૂ નીજ આંણા વહે હરખી

દુહા—નીજ ગુરૂ આંણા ધારકે, કરે ઉગ્ર વિહાર;
તપ જપ કાયા સોસાવી;કાંઇ જડયા કુગતી કે બાર,
સાવદ્ય સબ કરણી કુંવારી. ભજો૦ ૭
રહે સબ જનસેં નિસનેહી, કરે નહીં આસકતું દેહી;
તજે સબ અન્ય દેવગેડી; ભજે એક જીનરાજ તેરી.
દુહા—અન્ય દેવ દુરે તજી, સેવે શ્રી જીનધર્મ,
પરનિંદા પર ઇર્ષા કાંઇ,નવિપરકાસે મર્મ, સર્મ એ
કજીન આંણડારી. ભજો૦ ૮
ધબધબ ધસમસ નવિચાલે, સ્નાંન કરી દેહ નહી ખાલે
કુજોગે જોગ ગયા વાળે, વસ્ત્રાદિક સોભા સવીટાળે.
દુહા—વસ્ત્રાદિક સોભા કરી, નવી સોભાવે અંગ,
તનમેલા, મન ઉજળા; કાંઇ સોહે જીમ જળગંગ,
તજ્યા સબકનક કાંમનારી. ભજો૦ ૯
વિનય ગુણ શ્રુત કે, હે, રાગી, માંનમદ વિષધરકેત્યાગી
મોહાદિકચોરોંકે પાગી, કર્મ દળચુર કરે ભાગી
દુહા—કર્મ મહાદળ ચુરકે, ભયે સંત રસરાજ;
એસે ગુરૂકુ સેવીએ કાંઇ, તો સુધરે નિજકાજ; "
રાજલહે સીવ પુરકા ભારી. ભજો૦ ૧૦

તત્વયહ બીજો ઉરધારી, સેવો તુમ સુમતી સંભારી;
ભુલો મતભરમેં નરનારી. ઓળખી ગુરૂ ગુણ સું વીચારી.
દુહા—ગુરૂ ગીરૂવા ગુણ ઓળખી, આદરીયે સુભભાવ,
સુરીરાજેંદ્ર ભવતારવા, કાંઇ ધન્ન મુનિ કરી નાવ;
સહજ સુખ લહો મોહ મારી. ભજો૦ ૧૧

ઇતિ સુગુરૂ નિર્ણય સમાપ્ત.

અથ કુધર્મ નિર્ણયા દર્શા લીખ્યતે.

જીવ કેમ તરે સંસારી, એસા ધર્મ રિદય બિચ ધારી; કરે ધર્મ હિંસામાં જાંણી ભવ સાયર તરવા પ્રાંણી; નવી ધર્મ અધર્મ વિચારી. જીવ ૧ પથ્થરની નાવા તોલે, ભવો ભવમાં કુગતિરોલે; એસા ધર્મ મિથ્યા મતી ખોળે સબ મિલમિલ ટોળે ટોળે; કહો કેમ હોય ભવપારી. જીવ૦ ૨ કન્યાગો ભુમિતિલદાંન, દિયે પિત્ર પુન્યારથ ઠાંણ; ગોળા કળશા હેમ સંધાંન દિયે ધર્મ જાંણી બહુ માન; હોય આશ્રવ કે અધિકારી. જીવ૦ ૩ ઉપવાસ એકા દસીધારે, કરે આરંભ તે દીવધારે; ખાયે ગિરી ઓર છું આરે, વળી કાકડી ખરબુજ ત્યારે; કરે કંદમુળ ફળ અહારી. જીવ૦ ૪ વળી ઘોડા નરને છાગ; તે હોમ કરી કરે યાગ; દિએ જગ ચરમિંડક દાગ, તિહાં ધર્મ કિહાં વિતરાગ; બળીદાંન દેવ વિસ્તારી; જિવ૦ ૫, કરે પુર્વજનાં તે સરાધ, તેડી પાસે કાગડા વાધ; સારે સરાવે બ્રાહ્મણ સાધ દેખો એહવા કરે ઉપાધ; માંને ધર્મ ધીગાણાં ધારી. જીવ૦ ૬ કરે નોરતાં, જિવ આરંભ, હણે મહિષ, બોકડા રંભ; કહી ધર્મ મનાવે દંભ પાંમે જેથી નરક સુલંભ; ત્યાગી સ્વર્ગ મોક્ષકી બારી. જીવ૦ ૭ જાય ગંગ પ્રયાગે ભાવે, વળી ગયા ગોદાવરી વરી જાવે; તિહાં આગુગલ નીરે નાવે નિજ તીરથ છાપ લગાવે; નહી દિલમેં દયા લીગારી.

જીવ૦ ૮ લેવા પરભવ સુખના સાજ, એવાં અધર્મ કરે અકાજ, કહે સુરિ રાજેંદ્ર માહારાજ; તસુ નવિ મિલે શીવપુર રાજ, મુનીધન્ન કહે નિરધારી. જીવ૦ ૯

અથ કુધર્મ નિર્ણયા દશ સમાસે.

અથ સુધર્મ નિરણયા દર્શ લીખ્યતે.

મધુ બિંદુ સમો સંસાર મુજાણાં માલતાં, એ દશી.

જીયા સાચો શ્રી જીન ધર્મ, જીવનજી આદરો; જીયા આ ભવ પરભવ સુખ, પામો જેથી ખરો. જીયા ચ્યાર પ્રકારે ધર્મ, જાનેંદ્ર પ્રકાસીયો, જીયા આગારી અણગાર, ભિક્ષુ પદવાસીયો. જીયા૦ ૧ જીયા ખંત્યાદિક દસ ધર્મ, મહા મુની રાજનો, જીયા સંજમ સતર પ્રકાર, સીવ વધુ સાજનો જીયા થાવર પણ વિગાલિંદી, તીમ પંચેદિયા, જીયા પુસ્તક જતના અજીવ, કરે સંજમ દીયા. જીમ૦ ૨ જીયા પ્રેખ્યા સંજમ તેહ, નીરખીને વીચારતા, જીયાં અવલંબન કરો નીત્ય, સાધુને સીદતા; જીયા વરજે અસાધુસંગ, ઉપેક્ષા સંજેમી, જીયા વિધિ પદપ્રમુખ પ્રમાર્જ પરઠવે સમદમી. જીયા૦ ૩ જીયા મન વચકાય અશુદ્ધ, ન જોડે તે કદા, જીયા બાહ્ય અભ્યંતર ભેદ, આદરે તપ મુદા, જીયા પંચ મહા વૃત્ત યુત, મુની ધર્મ પાળતા જીયા ચરણ કરણ અતીચાર, ભાવ યુત ટાળતા. જીયા૦ ૪ જીયા સમકિત ધર્મનું મુળ, પ્રથમ તે ઉચ્ચરી, જીયા શ્રાવકનાં વ્રત બાર. આદરે ભવતરી, જીયા પંચુંબરી વિગેચ્યારે, માટી હીમ વિષ કરા, જીયા રાત્રી ભોજન નીમ, રીંગણ તજે વરા. જીયા૦ ૫, જીયા તુછ ફળ, બહુ બીજ અજ્ઞાત ફળ, ફુલ, જીયા ચલિત અનાદિક વસ્તુ; અથાંણાં ઘોલવડાં, જીયા અનંત કાય બત્રીસ, અભક્ષ બાવીસએ; જીયા વરજે ધર્માધીર, લેવા સીવવાસએ. જીયા૦ ૬, જીયા ન કરે ઘરના આરંભ, નિધ્વંસ

પચ્ચખાણ કરી, જીયા ન પિયે અણગળ નીર, જીવજતના ખરી; જીયા સાંભળે ધર્મનાં શાસ્ત્ર. પાપ થકી બીહે, જીયા શુદ્ધ દેવગુરૂ ધર્મ, સેવા સારે દીહે. જીયા૦ ૭ જીયા ધર્મ ધર્મ સહુ કોય, ભાખે નિજ મુખથી; જીયા સાગે પિણ તસુ મર્મ, નર્ચીંત ચીત. થકીજીયા દુર્ગતી પડતાં જી।, ધારે તે ધર્મ એ, જીયા જાણો દુગ્ધ દ્રષ્ટાંત, ધર્મનો મર્મએ. જીયા૦ ૮ જીયા હોય કુશાયનો ભોજી, માસ માસ અંતરે, જીયા શ્રી જીન ધર્મનો ભાગ, હસસમોનાતરે; જીયા ચઉગતી ભ્રમણ મીથ્યા ત્વ, દાળાતરે શીવપુરે, જીયા ધન્ન મુની જીન ધર્મ ધારે દિલમાં ખરો. જીયા૦ ૯

ઈતી સુધર્મ નિરણયાદર્શ સંપુર્ણ.

અથ જૈનતત્વાદર્શ મહાત્મ વર્ણન મંગળ લીખ્યતે.

મોહન મુખડાં બતારે. એ દેશી.

મોહન મન સમકીત ધ્યાવોરે; મોહન.
સુગુરૂ સુદેવ સુધર્મ પામી, કુગુરૂ કુદેવ કુધર્મને વામી;
સમકીત સુરતરૂ સેવો સ્વામી, મુગત પદ મંગળ પાવોરે.
મુ૦ મોહન૦ ૧
સહજાનંદ જીણંદ મુખ વાણી, પાવો અમીરસ મેઘનો પાંણી,
ભવિમન ખેત્ર સુખેત્ર કું જાણી, સમકિત તરૂ, બીજકુ વાવોરે.
સ૦ મો૦ ૨
સમકિત તરૂ તિહાં ઉગે, સતુલ્યો, સુરનર સુખજસુ ફુલડાં ફુલ્યો,
સીવ સુખ ફળ ભર રહે નિત ઝુલ્યો, છાય તસુ ખીણ એક ઠાવોરે. છા૦ મો૦ ૩
અથ પુગલ પરિગ્રહણ રાખો, સેષ સંસાર ઉખેલી નાખો;
ખીણલવ સમકીત સુખડી ચાખો, સહજ સુખ જળમાં નાવોરે. સ૦ મો૦ ૪

કઃમકિત સહિત સફળ સખ કરણી, સુત્ર સિદ્ધાંતે જીનવર વરણી
સિવપુર ચડવા સાચી નિસરણી, જીવન તુંમ દીલમાંલા વોરે
જી૦ મો૦ ૫
કાયા જીંવ સહિત સોહાવે, શકળ સિણગારના સાજ સોભાવે
તપ જપ સંજમ દેહ થોભાવે, સમકિત જીવ સોહવોરે;
જીન૦ મો૦ ૬
કંચનલીજે કસી કસી માંણી નાણું લીજે પરીખ સુઠાંણી;
દેવ ગુરૂ ધર્મ સુદ્ધાં જાંણી, મતપર મત લલચાવોરે મત૦ મો૦ ૭
સમકિત મુળ જીન ધર્મનો સાચો, તેહને સેવી પાપની કાચોરે;
સાણંદ પદ્મ જીન પારસ જાચો, જેમ સિવ સાજની મિલાવોરે.
નેમ૦ મો૦ ૮
ઓગણીસે કરવેદસુ વર્ષે. પોસ સુદી એકાદસી દીવસે;
સુરિરાજેદ્ર જીન તત્વા હર્ષે, મંગળપદ ધન મુની ગાવોરે.
મં૦ મો૦ ૯

અથ શ્રી પદમ પ્રભુજીન સ્તવના રૂપ કાયાપુર પાટણનો કાગળ.

કરજોડી કહે કામની લલના, લલ હો પ્રીતમજી અ વધાર એ ગેરી વારૂરે લલનાં એ દેશી.

સવસ્તિ શ્રી કરી સો હતો લલનાં, લલ હો સાણંદ શેહેર રૂણુંદ, એ જીન વંદીએ લલના. એ આંકણી. પદ્મ પ્રભુજીન પદ્મસે લલના, લલ હો ચંદ્રાનન સુખ કંદ એ જીન. ગા૦ ૧ પુજ્ય પરમ પ્રભુ પુજ્ય હો લલનાં, લલ હો સકળ ગુણનકી ખાણ. એ જી ન૦ ૨. સકળ સુભોપમ રાજતા લલના, લલ હો માહા રાજા ગુણ ઠાણ. એ જીન૦ ૩ ભકતી વછળ ત્રીહુ લોકના લલના, લલ હો પ્રતી પાળક જીનરાજ, એ જીન૦ ૪ અસરણ સરણરા નાથ હો લલનાં, લલ હો

તરણ તારણ કે જહાજ. એ જન૦ ૫, ઇત્યાદિક બ હુ ઓપમા લલના લલહોજ રાજ વીરા જતમાનેઃ એ જન૦ ૬, જ્યોતી રૂપી ચીરંજીવ જયો લલનાં, લલ હો સાદી અનંત ભગવાંન. એ જીન૦ ૭

અલેફ્શે તુ યાદ કર અલાહુકુ આદમ. એ દેશી.

અત્રે શ્રી ચેતન પુરથી, લખિતંગ દાસનું દાસ, જીવા જ મન તણી, અવધારોજી અરદાસ. અત્રે શ્રી ૧ અત્રે ખેમખુસલહે, શ્રી જીન ચરણ પસાય; તત્રખેમ ખુસળકા, સમાચાર સુખદાય. અત્રે શ્રી૦ ૨ અપંચહુ મલીખવા તણો, કારણ ગરીબ નિવાજ; રાજશ્રી હુકમે કર્યો, કાયા નગરનો રાજ. અત્રે શ્રી૦ ૩ તેહુ કુસંગા સંગથી, જમ્યો નથી જગદીસ; કચ્ચેરી ખોટી થઇ, વીગતે વિશ્વાવીસ. અત્રે શ્રી૦ ૪ કાંમ ક્રોધ કોટલાળહે, લોભ બગસીહે વડવીર; મોહુ જબર જમાદારહે. અહં કારહે વજીર. અત્રે શ્રી૦ ૫ એ પાંચુ બળવંતહે. તેહુથી અમતણું જોર; બોલ વચન ચાલે નહી, સબળ મચા યો શોર. અત્રે શ્રી૦ ૬ એતાદીન શોભિત હતો, ચે. તન નગર અનુપ; ઊઠક્રોડ સુખી હતા, આયો જરાસંધ ભુપ. અત્રે શ્રી૦ ૭ કાયા પુરપાટણ તણી, શોભા કહી નવ જાય; નવશેરી બજારમાં, બહોતેર કોઠા ઠાય અત્રે શ્રી૦ ૮ દશ દરવાજા દીપતા, દો દરવાંન દુવાર; નવ વાડરૂપી નવ ખાઇ છે, કાંઇ બારપુરાં નીરધાર. અત્રે શ્રી૦ ૯ એવી શોભાએ કરી, વસતો હતો યહ શેહેર; જરાસંધ આવી કરી, બીગાડયો ચીહુ ફેર. અત્રે શ્રી૦ ૧૦ પુરાં સર્વ ઉજડ કર્યાં હવે તે વીગત કહુ સૈજ; મસ્તકપુરી ધ્રુજેય છે, લોચનપુરી નિસ્તેજ. અત્રે શ્રી૦ ૧૧ કરણ પુરી ઉજડ પડી, કાંમદાર ગયા નાશ; નાસા

પુરી વશ વસે નહી પટેલ ખુટેલા વાસ અત્રે શ્રી૦ ૧૨ મોક્ષદા વાદની ઘાટીને, રોકી જાણ્યા મીલ ચાર; જરાસંઘની હાકથી, બત્રસી ગઇ બાર. અત્રે શ્રી૦ ૧૩ કાયા પુરપાટણ તણો, કાંઇ શેઠ છે રસના દામ; લોક આજ્ઞા માને નહી, તેથી જોર ન ચાલે તાસ. અત્રે શ્રી૦ ૧૪ પેટલાદપુરી કે માંહીને, માલ ખપે નહી લેશ; ગુજબંદરનો સરદાર તે, નામર્દ થયો વીપેશ અત્રે શ્રી૦ ૧૫ ભુજાપુર પાટણ તણો, બળ ઘટી ગયો નાથ હદનપુરીની પોળ તે, સુની પડી ચોહુપાશ. અત્રે શ્રી૦ ૧૬ ચરણપુરીતો થરથરે, ઇણપેરે શેહેર પુરગાંમ, નામ ઠામ ઊજડ કર્યાં, રેહેવાનો નથી ઠામ. અત્રે શ્રી૦ ૧૭ રાજ શ્રીજીએ મુકીયા, જેહ હુકમે ઇણ ધાંમ; તે અમથી થયો નથી, ભુલ પડી ઇણે કાંમ. અત્રે શ્રી૦ ૧૮ જે દીવશે આ નગ્રમે હુકમ હતો અમ આંહી, તે દીવશે ચેત્યા નહી, પ્રમાદ વસે ચિત માંહી. અત્રે શ્રી૦ ૧૯

દોહા ઈંદ્રસભા.

તે માટે જીન રાજજી, નેહનીજર હમદેખ; સંકટ કષ્ટ દુરે હરો, પ્રભુ વાંચી હમચો લેખ. અમને તુમવીણ સાહુબા, અવર નહી આધાર, પુત કપુત દેખે નહીં માવીત્ર કરે સભાળ, શેવક ઘર દોલત વધે, તે સ્વામીની સોહ. દાસ તણી અરજી સુણી, પ્રભુ કીજે દુખ વિછોહ, સમાચાર વળતા તુરત, દીજો સુરીરાજંદ, પુરણ પ્રીતિ રાખજો, ધન મુનિ પરમાનંદ.

ઈતિ શ્રી કાયાપુર પાટણનો કાગળ સમાપ્ત

અથ શ્રી મક્ષી પાર્શ્વનાથ જીન સ્તવન.

વારી તારા મુખડાને મટકે. એ દેશી;

મોહન મન મોહ્યું છે મટકે, વારી તોરા મુખડાને લટકે.
મોહન મન મોહ્યું છે મટકે, એ આકણી.
મુખ મટકે લોચનને લટકે, તોરી સાવરી સુરત રટકે, મોહન૦
પાસ પ્રભુજીકો દર્શ ભયોજખ, મોહ ગયો સટકે. મોહનમન૦ ૧
કુગુરૂ કુદેવ કુધર્મની સરધા, ભુલ્લોજન ભટકે; મોહન૦
રત્નચિંતામણી હાથથી છંડી, સિલ્લા શિર પટકે. મોમહનમન૦ ૨
શીવ સુખ અમૃત સહજ, સરોવર મંજીન કર ચટકે; મોહન૦
અમર, અગમ, ફળ, પ્રભુપદ પુજીત, પાપ ગયો ફટકે. મો૦ ૩
પાસ મગ્સી કે ચરન સરોરૂહ, મંન ભમરો અટકે. મોહન૦
સંમ સંવેગ પ્યાલા ભરભરકે, સમતારસ ગટકે. મોહનમંન ૪
સુરી રાજેંદ્રકી રાજ સભામેં, અરજી કર ઝટકે મોહન૦
મુક્તિ મહેલ છેલ હોઇ રમસ્યું, ધંન મુનિ રંગ છટકે. મો૦ ૫

અથ શ્રી કેસરીયા જીન સ્તવન ઠુમરી.

કેસરીયા સ્વામસેં, મેંતો ઠાડી કરૂં અરદાશ, મહારાજ
મેંતો નીકી કરૂં અરદાશ. કેસરીયા મેંતો.
ભવ ભવ ભટકત દર્શન પાયો,
મહારાજ મોરા પાપ ગયાં સવી નાશ. કેસરીયા૦ ૧
લાગી લગનવા તન મન તોસે,
મહારાજ મોરે જ્યુંરે ફુલનમે બાશ. કેસરીયા૦
મુંદ્રા સુંદર મોહન વેલી,
માહારાજ મેંતો નિરખત ભઇરે હુલાસ. કેસારીયા૦ ૨
કીમ જાળવીએ કુટુંબ અટારૂ,
મહારાજ મોંસે બોલ્લે મુષા ભાષ. કેસરીયા.
સાસુ ધુતારી કાંમણગારી,
મહારાજ મોરી નાણદી હઠીલી ખાસ. કેસરીયા૦ ૩

પેડીડો હમારો બાળો ભોળો,
મહારાજ મોરી સોકડ દીએરે દીલાસ. કેસરીયા.
અખુટ ખજાનો ખાયકે સુંદર,
મહારાજ મોસુ ઝઘડે નીશ અરૂવાસ. કેસરીયા૦ ૪
બાળપણાથી લાડક વાદ્યો,
મહારાજ કીજે પ્રીતમ પીલંગ નીવાસ. કેસરીયા.
રંગ મેહેલમેં સેહેલ કરંતાં,
મહારાજ થાસે ચરણ કરણ નીરાશ, કેસરીયા૦ ૫
જીન ગુણ જ્ઞાન સુધારસ પીતાં,
મહારાજ મોરી સફળ ફળે મંન આશ. કેસરીયા.
ધુલેવ પુર ત્રીભોવંન કે તારક,
મહારાજ મોકું દીજીએ સેહેજ વિલાસ. કેસરીયા૦ ૬
અરજી ગરજીની અલબેલા,
મહારાજ મોરી સુણકે કરો અઘ૦નાસ. કેસરીયા.
સુરી રાજેંદ્ર જીનરાજ સભામે,
મહારાજ ભયો ધનમુનીચરણ કે વાસ. કેસરીયા૦ ૭

અથ શ્રી રીષભદેવ જીન સ્તવન.

રાગ ધમાલ.

મત જાવરે જીવન તુજ વારૂંગી. એ આંકણી.
વિકાનેરમેં રીષભ જીનેશ્વર, તીનકું જાય પુકારૂગી. મત૦ ૧
કાળ અનાદી પરઘર રમીયો, અબ નેનાં લલકારૂગી. મત૦ ૨
આતમ શીલ સુરંગકી ભુરકી, અબતેરે શિર ડારૂગી. મત૦ ૩
જ્ઞાન ધ્યાનકી પીઠી કરકે, મિથ્યા મેલ ઉતારૂંગી. મત૦ ૪
જીનસાસન કે સરોવર માંહી, ઉપસમ નિર ઝીલારૂંગી. મત૦ ૫
સમ દમ ખંતી સીલા કે ઉપર, પાપકી ધોતી પીછારૂગી. મત૦ ૬
શીલ સુરંગી વાઘા પીનાકે, સમકીત પાગ બંધારૂંગી. મત૦ ૭
જ્ઞાના નંદી કે મેહેલ ઝરૂખે, અનુભવ સેહેજ રમારૂંગી મત૦ ૮

સુદ્ધ ચેતના સખી સાથ બેઠા કે, સંવર પંખા ઢારૂંગી. મત૦૯
અધ્યાતમ મત ખોળાં લેકે, વિવેક પુત્ર રમારૂંગી. મત૦ ૧૦
સુરી વિજય રાજેંદ્ર સમામેં, મુજરા ગોજ કહારૂંગી. મત૦ ૧૧
ધનમુની જીન આણાવહુકે, જગ જસ પડહ વજારૂંગી. મત૦૧૨

અથ શ્રી સાંતીજિન સ્તવન.

દેશી ગરબાની.

સાહેબ સાંતી જીનેસ્વર દેવ કે, મુજરો માનજ્યોરે લોલ.
સાહેબ તુમછો નીરબંધ રૂપ કે, કોન લખી શકેરે લોલ;
સાહેબ દ્યુતી રવી બાહુ પસાર કે, કોણ ગ્રહી રખેરે લોલ;
સાહેબ તીમ તુજ લીલા પારકે, સુરપતી ના લહેરે લોલ;
સાહેબ મુજ મન તરસ્યો દર્શ કે, મુદ્રા દેખ કેરે લોલ. ૧
સાહેબ સાચો લાગ્યો રંગ કે, ચોળ મજીઠનોરે લોલ;
સાહેબ હરી હર મિથ્યા દેવ કે, રંગ પતંગનોરે લોલ;
સાહેબ તારક ત્રીભુવંન નાથ કે, તુજ સમકો નહીરે લોલ;
સાહેબ સાચો તું વીતરાગ કે, તારક સંગનોરે લોલ. ૨
સાહેબ ભમીયો કાળ અનંત કે, તુમ વીન બો નિધીરે;
સાહેબ સાચો જાણ્યો આજ કે, દર્શ નિહાલ કેરે લોલ;
સાહેબ સરણોલીનો તુજ કે, પાર નીભાવજ્યોરે લોલ;
સાહેબ સાચી રાખો લાજ કે, બિરૂદ સંભાળજ્યોરે લોલ. ૩
સાહેબ તરસ્યો હું મહારાજ કે, ચીહુ ગતી માંહીનેરે લોલ;
સાહેબ ચોરાસીલખ જોન કે, ગોતાં ખાઇનેરે લોલ;
સાહેબ હવે પ્રભુ સરણો તુજ કે, ઓરન ધ્યાવસ્યુંરે લોલ;
સાહેબ ભોળે ભમીયો નાથ, ન ધ્યાયો શાંતીનેરે લોલ ૪
સાહેબ મુદ્રા તાહરી પેખ કે, હરખ હૈયે લહયોરે લોલ;
સાહેબ વદના વરકે માંહી કે, તીર્થપતી જયોરે લોલ
સાહેબ સુરી રાજેંદ્ર પ્રભાવ કે, તુજ ચરણાંબુજે રે લોલ
સાહેબ પ્રમોદ રૂચી હીયડે, નાથ તુંહી રહ્યો રે લોલ. ૫

અથ આદીજીણંદ સ્તવન દેશી હીંડામેં.

આજ સાહીઆં મન મોહન જીનકું, નયણ નજર ભર નિરખ્યોરે; સહજ સ્વભાવની મુદ્રા જોતાં, સકલ કળા ગુણ પરખ્યોરે; દીલભર જચીઓરે. દીલભર જચીઓ; અમ મન વશીઓ, આદી જીણંદ ગુણ રશીઓરે. દીલભર.એ આંકણી. અધ્યાતમ તત બોધક સોધક, શાદ ચીદ્રુપી નામીરે; દ્રવ્ય અનંત પ્રકાશક ભાસક, તત્વ સ્વરૂપી સ્વામીરે. દીલભર૦ ૧ વિણ દર્શણ દરશાણંક કીયા ઢુંઢે આગમ માંહીરે; આપ મતી કરી કબ હુ ન પારે, જ્યું ખગ પદ નભ માંહીરે. દીલભર૦ ૨ લકડી ઢુંઢે અગ્ની માંહી, મછી પદજળ ખોજેરે; મકરી પદ જ્યું જાળમેં જોવે, તીમ જીન દરશાન ખોજેરે. દીલભર૦ ૩ નય નીક્ષેપ પ્રમાણ પંચંગી, જો ગુરૂ ગમથી ધરીએરે; આતમ ભાવે દર્શ નીહાળી, કર્મ કઠીણ દળ હરીએરે. દીલભર૦ ૪ શીવ ગંજમેં શીવપુર નો સાહીબ, સુરી રાજેંદ્ર એ છાજેરે; ધનમુની મન યાછીબ પ્યારી, ભક્તી કરૂં શીવ કાજેરે. દીલભર૦ ૫

અથ શ્રી ઓછવના હરખનું સ્તવન.

મોહન રસીયો આયો બગીયા મેં,
ખીલ રહી સબ કલીય કલી એ રાગ.

આજ સખી સુણ સાણંદ નગરે,
મંગળ મ્હોછવ રંગ રળી;
ભગવંતી સુત્ર આદી અંતે કરે,
અઠાઇ મ્હોછવ સંઘ વળી. આજ સખી૦ ૧
ઈંદ્ર ઈંદ્રાણા અપછરા સમ સખી,
સજે સણગાર કલીય કલી; આજ;
ભાત ભાતનાં વાજાં વાજે,
મંગળ ગાવે ગલીય ગલી. આજ સખી૦ ૨

એક સખી જીન રાજ વધાવે,
બીજી સખી નાચે મળીય મળી; આજ.
અવર સખી ટોળે મીલ આવે,
પુજા રચાવે ભલીય ભલી. આજ સખી૦ ૩
હાથી રથ ઘોડા સીંણગારી,
વરઘોડે વર વધુય મળી આજ.
જીન ગુણ જ્ઞાન રંગ વરસાવે,
વસંત રૂતુ માનુ ફળીય ફળી. આજ સખી૦ ૪
પદ્મ પ્રભુવર પારશ્વ અમીઝર,
પુજનકુ સહુ ચલીય ચલી આજ.
સમકીત સુધ્ધે ભાવના ભાવે,
મીથ્યા ભર્મંસે ટળીય ટળી. આજ સખી૦ ૫
સુરી રાજેંદ્ર મહારાજકી અંગીયા,
ચંદ્રમુખી જુવે અલીય અલી આજ.
ધનમુની ઉપસમ ગુણ મોજે,
શીવ સજનીકી સેહેજ ઢળી. આજ સખી૦ ૬

અથ શ્રી અમીઝરા પારશ્વ જીન સ્તવન.

ઠુમરી.

અમીઝરા પાસજી, તોરો કહું શરશ જીનરાજ.
માહારાજ. આંકણી.

ભવદુખ વારણ ભવ જળ તારણ,
માહારાજ જેશો શાયર બીચજી હાઝ; અમીઝરા૦
તારક જાણી શરણે આવ્યો,
મહારાજ રાખો રાખો અમારી લાજ. અમીઝરા૦ ૧
અકળ અગોચર સ્વરૂપ તીહારો,
મહારાજ જેશો અનહદ નાદ અવાજ; અમીઝરા૦
પારસ પારસ નામતો શાચો,

મહારાજ કરસો સેવક કંચન કાજ. અમીઝરા૦ ૨
તુજ દરીશન વીના તપ જપ કીરીયા,
મહારાજ શેસો ફોગટ મેઘનો ગાજ. અમીઝરા૦
અમીય ઝરે તુજ અપ્રીત દરસે,
મહારાજ જેશો વસંત રૂતુ વનરાજ. અમીઝરા૦ ૩
શાણંદ શાણંદ પુરનો સાહેબ,
માહારાજ દીઠો શકળ દેવ શીરતાજ. અમીઝરા૦
કરૂણા નજર કર અમપર સાહેબ,
માહારાજ દીજે ચરણ શરણનો શાજ. અમીઝરા ૪
કરવેદ નંદ શશી સુભ વરષે,
મહારાજ પાયો પરમ હર્ષ નીજ પાસ. અમીઝરા૦
સુરી રાજેંદ્ર મન મોહનગારો,
માહારાજ વશો ધન મુની ચીતડે નિવાશ. અમીઝરા૦ ૫

અથ શ્રી આદીજિન સ્તવન.

બાજી બાજી બાજી ભુલ્યો બાજી, એ રાગ.
નીરખ્યા નીરખ્યા નીરખ્યા, નયણે નીરખ્યા,
આદીશ્વર હીતકારી. નયણે નીરખ્યા.
જગજીવન ઉપકારી, નયણે નીરખ્યા. એ આંકણી.
મન વંછીત અબ સહેજે ફળીયાં, દુઃખ દોહગસવી હળીયાં;
તન મન નયન પ્રભુજી સું મીલીયાં,
જીમ પયમે પતાસાં ભળીયાં. નયણે૦ ૧
અપા ભાવે આપને નિરખી, હરીહર સવીપરી હરીયાં;
આળસુ આંગણ ગંગા આવી, કુણવંછે છીલરીયાં.
નયણે૦ ૨
નામ ગોત્ર સુણીયાં જીનજીકા. નીવીડ બંધ જાએ ગળીયાં;
જીમ સારંગ સારંગ વચ સુણતાં, હોવે પ્રાણ સીથલીયાં.
નયણે૦ ૩

તો હીવે આપસ્વરૂપ સું નીરખ્યાં, કીમ રહે કર્મકી રાસીયાં;
તસ્કર ગોપતી નીજરે જોતાં, તતક્ષીણ જાવે નાસી.
નયણે૦ ૪

કાળ અનાદી પુદ્દગળ સંગે, રમીયો નવ નવ વેષ;
પીણ ભક્તિભર દીલ નવી ધ્યાયો, તીણ દુખ પાયો અસેસ.
નયણે૦ ૫

ઇંદ્ર પુરે સુભ પુન્યને યોગે, પામ્યો તુમ દીદાર.
અબ મેં મનમે નિશ્ચે જાણું, ભવ નીધી લહીસ્યું પાર.
નયણે૦ ૬

તત્વ નેત્ર ગોપુહવી વરસે, મધુઠાણે સંજોગી;
સુરી રાજેંદ્ર તીહારી ભક્ત, ધન્ન મુનિ જ્ઞાનકે ભોગી.
નયણે૦ ૭

શ્રી જૈન બોધ બુધીપ્રકાસક સભા
કૃત સ્તવનો.
મંગલાચરણ.
હરીગીત છંદ.

અસરણ સરણ મંગળ કરણ તારણ તરણ સુભગ્યો મતી
દુઃખ હરણ વંદુ કરમ નીવારણ ત્રિભુપતી.
આનીજ સેવક ઉપરે તમે જીનજી કિરપા કરો
આ જૈન સભાને પ્રગટ થાતાં વિઘનને દુરે હરો.

શ્રી પરમાત્માની પ્રાર્થના.
ભુજંગી છંદ.

નમું હું પ્રભુ તુજને પ્રેમ આણી,
વદુ આજ હું મુખથી દીન વાંણી;
ખરે મોહના જોધનું જોર ભારી,
પ્રભુ મુજને તેહથી લ્યો ઊગારી. ૧

ઉઓ થાય જોદ્ધા મહા ક્રોધ જ્યારે,
દયા દીલમાંથી જતી રેજ ત્યારે;
પછી હાલ મારા કરે દુઃખકારી,
પ્રભુ મુજને તેહુથી ત્યો ઉગારી. ૨
કરે માંન મોટી અતીસે બડાઇ,
સદાચાર સાથે કરાવે લડાઇ;
કરે આતમા પાપથી મુજ ભારી,
પ્રભુ મુજને તેહથી ત્યો ઉગારી. ૩
પ્રભુ મોહની રાજની મુખ્ય માયા,
નહીં કોઇ જીતી શકે રંક રાયા.
અનંતાભવો દુઃખની આપનારી,
પ્રભુ મુજને તેહુથી ત્યો ઉગારી. ૪
વદ્દું હું મુખે કેટલું આજ સ્વામી,
અતીમાર મારેન રાખેજ ખાંમી,
મહા લોભ પાપી ન કાઢું ધીકારી,
પ્રભુ મુજને તેહથી ત્યો ઉગારી. ૫
અજ્ઞાની પણે દાવ મુને ન ફાવ્યો,
નહી તો ન જીતી જતા તે ફસાયો;
હવે સાહ્ય મારે વિભુએક તારી,
પ્રભુ મુજને તેહથી ત્યો ઉગારી. ૬
અતી દુઃખ વેઠી મનુજાત પાંમી,
કરો બોધ બુદ્ધિ સભા જૈન સ્વાંમી;
કર્યાં જે અમે પાપ કાપીજ નાંખો,
દયા ભાવ રાખી મહાસુખ આપો. ૭

અથ શ્રી પદમ પ્રભુજીન સ્તવન.

નાથ કૈસે ગંજકો, બંધ છોરાયો એ દશી.

નાથ મોએ આશરો હે એક તારો,

મુજને અન્ય નહી તારનારો. નાથમોએ; એ આંકણી.
આ ભવસાગર પાર ઉતરવા, મોહ મહા મહવારો;
લક્ષ ચોરાસી ફેરા ટાળી દુઃખ દાળીદ્ર સંહારો. નાથમોએ૦ ૧
કામ ક્રોધને લોભ મોહુજે, શત્રુ મહા ભટચારો,
જગજીવંન તુમે કૃપા કરીને, તે સઘળા દુર ટારો નાથમોએ૦ ૨
હે દીનાનાથ દયાળ પ્રભુ તુમે, શેવકને અબતારો;
અન્યદેવની ઉપાસના હું, કદીય નથી કરનારો નાથમોએ૦ ૩
કર્મ ફંદમે હુ બહુ ફસીયો. તે ફંદ પ્રભુજી સંહારો;
નીજ ચર્ણાંબુજ સેવા આપી, સમદમ ભાવ વધારો; નાથ૦ ૪
અરીહંત નામ સહુ જગગાવે, તે શત્રુ તણો હરનારો;
તો મુજ શત્રુને હાણી કરીને, ઉતારો ભવ પારો. નાથમોએ૦ ૫
તારી આશા છોડી અન્ય આશા, ફોગટ કરે સંસારો;
તે જીવો અજ્ઞાની ગણવા, અન્યની આશ અસારો નાથ૦ ૬
તુંમે જે થકી સીવ વધુ વરીયા, તેવાં કૃત્ય ધરારો;
નિશ દીન મારા દીલમાં વસીને. દુષ્કૃત્યોથી ડરારો. નાથ૦ ૭
નરકની ગોદનાં માહા દુઃખ વેઠી, નીકળ્યો હવે હું બાહારો;
તે દુઃખમાંથી મુકત થવાને, કાંઇ ઉપાય બતારો. નાથ૦ ૮
પદ્મપ્રભુ જીન મહેર કરીને, કરૂણા નજર નીહારો;
જૈન બોધ બુદ્ધી પ્રકાસક, કીજે સભા ઉપગારો. નાથ૦ ૯

અથ શ્રી પદ્મ પ્રભુજિન સ્તવન
રાગ ઈંદ્ર સભા.

બે કરજોડીને હું વંદુ પદ્મ પ્રભુ મહારાજ, ભવસાગરથી પાર ઉતારી, કરો શેવકનાં કાજ. ૧ તુજ વીના પ્રભુ આ સંસારમાં, અન્ય નહી આધાર; મેહેર કરો જો અમ ઉપરે તો; ઉતરીએ ભવ પાર. ૨, લોભ મોહની દુષ્ટ જાળથી, છોડાવો જીનરાજ; આ સંસારથી મુકત કરો તો, સુધરે મારાં કાજ. ૩, પ્રભુજી મુજપર દયા

કરીને, ઝાલો મારો હાથ; દુઃખ દાયક આ દુનીઆમાં થી, બાર આવું જગનાથ. ૪ સ્મરણ કરૂં છું હું પ્રભુ તારૂં, જેથી પાપ પળાય; બે કરજોડીને પ્રભુ શેવક, ગુણ તમારા ગાય; ૫, જૈન બોધ બુદ્ધી પ્રકાશની, અરજ સુણો દીલમાંય; તો સહુ કારજ સીધ થઈને, આપ હજુર અવાય. ૬ સંપુરણ.

અથ શ્રી રાજુલનો વિલાપ.

વૈદરભી વંનમાં વલ વલે. એ દેશી.

સ્વામી મારા છો સોહામણા, સમજો સમજોની નાથ;
સમજો સમજોની નાથ. સ્વામી૦ એ આંકણી.

જાન સજીને આવીયા, ઊગ્રેસેનને ઘેર (૨)
તોરણથી રથ વાળીયો, કરી પશુપર મેહેર. સ્વામી૦ ૧
જાદવકુળ ઝાંખુ થયું, કૃષ્ન બળ ભદ્ર વીર, (૨)
વળી માતાએ સમઝાવીયા, તોય ચાલ્યા થઇ ધીર. સ્વામી ૨
સરંમ મુકીને હું વીનવું, સ્વામી સુણી અરદાશ. (૨)
કરૂણા કરી રથ ફેરવો, સાને મુકો નીરાશ. સ્વામી૦ ૩
આઠ ભવનકી પ્રીતડી, નવી કરી પરમાણ. (૨)
પણ મુજને તે પ્રીતનાં, લાગ્યાં રૂદયમાં બાંણ. સ્વામી૦ ૪
પ્રભુજી તુમને મળવા તણી, મનમાં રાખું છું આશ. (૨)
થોડા દાહાડામાં આવશું, પ્રીતમ તમારી પાશ. સ્વામી૦ ૫
ગઢ ગીરનારે સંજમ ગૃહયો, વર્યા શીવ વધુ નાર. (૨)
રાજેમતી એમ વીનવે, ઉતારો ભવપાર. સ્વામી૦ ૬

અથ શ્રી આત્મબોધ શીખામણ અંતરા લાપીકા.

હમકુ છાંડ ચલે બન માધુ. એ રાગ.

અબકયાસોયા નીંદભરીને, ભવભય ચીતમાં આંણજરારે; અબ૦
આંકણી.

મીથ્યાસુ ચીત કર્યું રે લગાયો વરધર્મ ન જન ચીત નપ્ર્યોરે. અ૦
ઝટપટ કર હવે વારમ કીજે, પારરા પારસ દેવ મળ્યારે. અબ૦ ૧
રાગ દ્વેષને અળગા કરીને, રમજે તું સમતા સંગેરે અબ૦
પાપ કરમ સબ તેહથી ટળશે, ઉદ્યોત થાશે મન રંગેરે. અબ૦ ૨
સરણ એક વીતરાગને ધ્યાવો, તારક નાંમ છે સાચોરે; અબ૦
જિન મંડળી કહેછે કરજોડી, રસ કીડા નવી રાચોરે. અબ૦ ૩

અથ શ્રી અમીઝરા પાર્શ્વજી સ્તવન.

દયાળુ પાસ કૃપાળુ તું, નમુછું હસ્ત જોડી હું, દયાળુ; એ આંકણી.
વાણારસી નયરીમેં આવ્યા, અસ્વસેન કુળ સોહાયા દયાળુ૦ ૧
વંમાદેવી માતના જાયા, અહી લંછન તુમ પાયા. દયાળુ૦ ૨
કમઠાસુર બુઝવીઓ, નાગકું ધર્ણ ઇંદ્ર કીયો. દયાળુ૦ ૩
લીલાતારી તણો તો સાર, શેશ ગણતાં ન પામું પાર. દયાળુ૦ ૪
અમીઝરા નામ તુમ કેરા, ટાળો મારા ભવતણા ફેરા. દયાળુ૦ ૫
કહે જૈન બોધ કરજોડી, પ્રભુજીસેં અર્જ હે મોરી. દયાળુ૦ ૬

અથ શ્રી આદીજિન સ્તવન

ઠુમરી.

મત જારે જીવન તુજ વારૂંગી, એ દેશી.

કીહાં મળશે આદીજીન પ્યારોરે, જીવત લપેંછે હમારોરે; કીહાં૦
મારૂ દેવી માતાના જાયા, નાભી નૃપ કુળ અવતારોરે; કીહાં૦ ૧
અયોદ્ધા નગરીમેં બીરાજ્યા, પ્રભુ લીધો સંજમ ભારોરે; કીહાં૦
દઇ દેશના ભવીજન પ્રતી બોધ્યા, પ્રભુ ચોરાશીગણ ધારોરે. કી. ૨
ધનુષ પાંચશેં સોવન કાયા, વૃષભ લંછન મનોહારોરે; કીહાં૦
નરકની ગોદમાં હું ઘણું ભમીયો, તોપન આવ્યો આરોરે કી૦ ૩
હો હું પ્રભુ ન શરણે આવ્યો, ભવસાગરથી તારોરે; કીહાં૦

જૈન બોધ મંડળી ગુણ ગાવે, વીનતી દીલ અવધારોરે. કીહ્વાં० ૪

અથ શ્રી પદ્મ પ્રભુ જિન સ્તવન.

અરે લાલદેવ ઈશ તરફ જરાક આ. એ રાગ.

પદ્મ પ્રભુજી હું તમારો દાસ, તુમે નીજ શેવકની પુરો આશ; ૧
કરાવો રૂડાં કૃત્ય મારી પાશ, જે થકી ફળસે અમારી આશ. ૨
મોક્ષનગરના વાસી તમે. ભવ અટવીમાં રખડયા અમે; ૩
આજ સેવકની હઈડે ધરો, વાસ અમારા દીલમાં કરો; ૪
નથી મારે કોઇ બીજાની આશ, કે કોઇ છોડાવે ભવનો પાસ; ૫
અનંતા કુકર્મ કર્યાં મેં અપાર, તેહથી દુઃખ પામું આવાર; ૬
તે દુઃખમાંથી છોડાવો જીન. તો મુજ મંન થાયે પ્રભુલીન; ૭
કામ ક્રોધ લોભ ને મોહ એ ચાર, નિજ ગુણ હરતા છે શત્રુ અપાર; ૮
તેની જાળમાંથી છોડાવો મુને, હું કરગરી અર્જ કરૂછું તુને; ૯
તુમે નહી અર્જ જો દીલમાં ધરો, તો હું જાચુ હવે કોને ખરો; ૧૦
તુમે જગત પાળકનાથ કહેવાવ, તો મુજ ઉપર દયા લાવ. ૧૧
જૈન બોધ બુદ્ધી પ્રકાશક મળી, ગુણગાએ તમારા આ મંડળી. ૧૨

અથ શ્રી પદ્મ પ્રભુ જીનસ્તવન અંતર લાપીકા. રાગ ઈંદ્ર સભા.

પરમાતમ તમે નજર કરીને, સેવકને અબતાર;
દરીદ્ર સર્વે દુર કરીને, ભવો ભવ પાર ઉતાર. ૧
મરખાવાદ મુને વળગી રહ્યા છે, તેથી દુર કરાવ,
પ્રભુજી મુજપર દયા કરીને, સત્ય માર્ગ બતલાવ. ૨
ભુલચુક મુજ માંહી ઘણી છે, કેટલી કહુ માહારાજ;
જીનજી જો તમે કૃપા કરો તો, સુધરશે અમ કાજ. ૩
મારૂ મારૂ હુંતો કરતો ફરૂંછું, મારૂ નથી તલમાત્ર;

હાજર રહી હું આપની પાસે. અરજ કરૂ નમી ગાત્ર. ૪
રાય તમારા મંડપ માંડ, થાયે નૃત અપાર;
જગતારક તું મેહેર કરીને. જૈન બોધકુ તાર ૫

ચેતનને શિખામણ રૂપ અંતરા લાપીકા.

લેલી લેલી પોકારૂમેં બનમે. એ રાગ.

પરમાતમને સમરને સદાઅ, જેને લાગને તેહને પાઅ;
હમસે કષ્ટ સર્વ એ સ્વામી. નથી દુજો કો અંતર જાંમી. ૧
માગ્યું તરણ તારણ તુંને ઝાઝ, બોથા કે મનલે તેની સાઝ;
પ્રલય પાપ થવા કર મજરા. ધરલે અરીહંત નામકા ગજરા. ૨
ભુલ્યો કાળ ઘણા ખાઇ ધપા, બુઝતો નથી મારેછે ગપા;
જિન આજ્ઞામાં રાખી નજર, ધીરજ ધારી સુભ કત્યજકર. ૩
માર સારસે જમનાદાસ, પ્રજાળીને પાડે દુખ પાસ;
હાથ રહ્યું ન કાંઇ કર્મ વીના, કાળ અનંત ભવતેં કીના. ૪
રાજ રાજેંદ્ર ને જગનાથ, સરણે રાખશે તુજને અનાથ;
જલદી હોવને તું જિનવરજિ. કરે જૈન બોધ તુને અરજિ. ૫

અથ શ્રી લાવણી.

અગડદમ અગડદમ બાજે ચોઘડાં સવાઇ ડંકા સાહેબકા;
એ રાગ.

મેહેર કરો અમ ઉપર તુમે, દેવ દયાળુ સાહેબજી;
હે ભય ભંજન કારક પ્રભુજી, વદુ છું હું તમને અરજી.
તાત તમારી નજર થશે તો, કરસ્યું રૂડાં કત્ય અમે;
કારજ મુજ સેવકના સારી, રણ મહા મોહ મીટાવો તમે;
લીલામાં હું બહુ લપટાયો, નથી તેહને છોડાતી;
દાસ તણાં તો દુખડાં હરવા, સાચો તું છે સંગાતી;
સરવથા તુમે પર્મ કપાળું, નગરી મોક્ષમાં વાસ કર્યો,
જઇન ધર્મમાં નથી વરતતો, દયા રહીત મુજ જીવ ઠર્યો;
બોધ ન માન્યો મેંજ આપનો, તેથા કાળ અનંત ભમ્યો;

બુદ્ધિ થઇ વીપરીત માહરી, કુગુરૂ કુદેવ કુધર્મ રચ્યો;
પ્રકાશ તે બુદ્ધીનો થાવા, અરીહંત તુંમ નજર કરો;
ફેરી પ્રાર્થના હુંજ વદુ છું. જગત વીશે પ્રભુ તુજ ખરો.

અથ શ્રી સાંતીનાથ જિન સ્તવન.

દેશી હોરીની.

શાંતીનાથ પ્રભુ સુખકારી, ચેતન તું જોને વિચારી.
શાંતીનાથ, એ આંકણી.

શાંત મુદ્રા છે જેહની સારી, દેખી લાગે અતી પ્યારી હરીહરી લાગે;
શાંત દશા થશે ચેતન તારી, તો લેશે તુજને ઉગારી;
પ્રભુજી ભવ ઉપગારી, શાંતીનાથ પ્રભુ સુખ કારી. ૧
આપ થયા શીવપુરના ગાંમી, નિજ શેવકને વિસારી હરીહરી;
આદ્ય અંતના નેહને જાંણી, દુખથી લ્યોને ઉગારી;
પાંમું શીવ સુખની બારી, શાંતીનાથ પ્રભુ સુખ કારી. ૨
શુભ અશુભના કર્મ થકી હું, થયો છું બહુ સંસારી, હરીહરી
તે સંસારથી મુક્ત થવાને, સાહ્ય મુને પ્રભુ તારી;
અવર ન આશ અમારી, શાંતીનાથ પ્રભુ સુખકારી. ૩
હું અને આપ બે સાથેજ હતા, આપ વર્યા શીવ નારી, હરીહરી
કર્મ બંધથી હું રઝળુછું, આપના ગુણને વિસારી;
કરૂછું હું કર્મજ ભારી, શાંતીનાથ પ્રભુ સુખકારી. ૪
તેહ કર્મથી છુટો થવાને, માર્ગ બતાવો સીધારી; હરીહરી
જે થકી પાસ આવું પ્રભુ તારી, સકળ કર્મને નિવારી;
ધરૂ હું નિજ ગુણ ભારી, શાંતીનાથ પ્રભુ સુખકારી. ૫
જૈન બોધ પ્રકાશક તુને, વિનવે છે હસ્ત પ્રસારી;
બુદ્ધીના ફેલાવ થવા અમારો આપો સુભમતિ સારી;
જેથી પાંમીએ ભવપારી, શાંતિનાથ પ્રભુ સુખકારી. ૬

ઈતી શ્રી શાંતીનાથ જીન સ્તવન સપુરણ.

અથ શ્રી પરમાત્માની સ્તુતી.

રાજા વાત કહુછું સાચી, કામળ મારી નથી, એ દશી.
પ્યારે પરમાતમ સાહેબ તુમે મદત કરો, મદત કરો તુમે
મદત કરો. પ્યારે. આંકણી.

મોહરાયના લસ્કરમાં, હું સ્વામી સપડાઓ;
તે લસ્કરથી છુટો થાવા, કરાવ ઉપાયો; પ્યારે૦ ૧
જીનજી તુમે શકતીવાંનછો, શંકટને હરવા,
દીન શેવકનો હાથ ઝાલો, ભવશાયર તરવા. પ્યારે૦ ૨
અષ્ટ કરમનો ક્ષય કરીને, શીવ વધુને વરીયા;
એવા સ્વાંમી આપ અનંતા, છો ગુણના દરીયા. પ્યારે૦ ૩
મનુષ્ય જનમ કોઇ પુરવ પુન્યે, હું શાહેબ પાઓ;
ધર્મ કાર્યમાં નથી વરતતો, મોહે લપટાઓ. પ્યારે૦ ૪
નર્કાદીક હું ચીહુગતીમાં, વાર અનંત ભમ્યો;
તો પણ કર્મ અસુભના જોગે, નીજગુણ નાહી રમ્યો. પ્યારે૦ ૫
સાર નથી શંશારમાં, કાંઇ એક વીના પ્રભુ તુજ;
આ સંસારથી પાર ઊતરવા, મદદ કરોને મુજ, પ્યારે૦ ૬
જૈન બોધ બુદ્ધિ પ્રકાશક, મંડળી કે છે આજ;
કાળીદાસતો અર્જ કરે છે, તારોને માહારાજ. પ્યારે૦ ૭

પારસ્વ જીન સ્તુતી રૂપ સ્તવન.

રાગ ઈંદ્રસભા.

હે જગ તારક પાર્શ્વ પ્રભુજી, આવ્યો શરણે હું, મુજ ગરીબપર દયા કરીને હાથ ઝાલ પ્રભુ તું. ૧ સત્ય આધાર મુને પ્રભુ તારો, અન્ય નહીં આધાર, કરમ શત્રુનો ક્ષય કરીને, ભવનો ફેરો ટાળ. ૨, દેવ અરી હંત તુજ કૃપાથી, ઉતરીયે ભવ પાર, તો અમ ઉપર મેહેર કરીને, પ્રભુ અમોને તાર. ૩ અનેક જીવો આ સંસારથી, મુકત કર્યા માહારાજ; શા માટે અમને ર·

ખડાવ્યો, કેમ ન સારો કાજ; ૪ જેવી રીતે અન્ય જીવોને, ઉતાર્યા ભવ પાર, તેવી રીતે પ્રભુજી મુજને, ભવ અટવીથી તાર. ૫ કર્મ કર્યાં છે મેં બહુ કુડાં, તેથી હું દુખીઓ થાઉ, જીનજી દુખથી મુક્ત કરો તો, હું પણ તમ પદ પાઉ, ૬ તું પરમાત્મા સાચો સાહેબ; જુગ જીવન કહેવાય; તારા ચરણની શરણ ગ્રહીને, દાશ નમે છે પાય. ૭ જગ હિતેચ્છુ દીના નાથજી; નજર કરો જીનરાજ; જૈન બોધ બુદ્ધી પ્રકાશનાં; સુધરે સઘળાં કાજ. ૮

અથ શ્રી આત્મબોધ ભાવ પુજા વિષે
મગસીપાસ સ્તવન રાગ હોરી.

હોરી આમંન રંગ રંગ રમાઊ,
જુગતે જીન પુજા રચાઉ; હોરીઆં. એ આંકણી.
ગ્નીન ગંગસેં જલ ભર લાહુ,
પ્રભુજીકું નવન કરાવું; હરીહરીલાલા
અંગ વસ્ત્ર ઉપયોગ બનાઊં,
જીનજીકો અંગ લુહાઊં, ભક્તિ ભરદીલમાં ધ્યાઊ, હોરી૦ ૧
ચરન રૂપ ચંદન ચરચાઊ,
જતના જાઇ મંગાઉ; હરીહરીલાલ૦
સુરત સુત્ર સુમતી સુઇ પોઉ,
મંનકી માળ ગુથાઉ, લેઇ જીન કંઠે ઠાઉ. હોરીઆં૦ ૨
અનુભવ દીપક જ્યોતી જગાઊ,
મીથ્યા મિતીર હઠાઉ; હરીહરીલાલા૦
દર્શ સુગંધીક ધુપ ઉખેલું,
ભવદવ તાપ મીટાઉ, સહજ સુખ જળમેં નાઉ; હોરી૦ ૩
પુરણ મિતી કે ફળ લઇ દોઉ,

નેહુ નૈવેદ ચઢાઉં; હરીહરીલાલા૦
આતમ અક્ષત સુદ્ધ લઇ આવું,
પાસ મગ્સી ગુનગાઉ, પીછે બુધ હોરીઆં ખેલાઉ. હોરી૦ ૪
મનોહર જોગ જાજમ બીછાવું,
પાંચુ મિત્ર બોલાઉ, હરીહરીલાલાં૦
પંચ સહેલી સંગ ધુમ મચાઉ,
અનહદ નાદ વજાઉ, શાંતીરસ પ્યાલા પાઉ. હોરીઆં૦ ૫
ગુપ્તિ ગુલાલ અબીર ઉડાઉ,
ચુવાં ચુપ મીલાઉ; હરહરીલાલ૦
પુરણ બ્રહ્મ પંતંગ કરાઉ,
જય પીચકારી ભરાઉ, મુક્ત વધુ મુખપે નમાંઉ. હોરી૦ ૬
એસી મેં હોરીકા ખ્યાલ મંડાઉ,
દુરમતિ દુર નસાઉ; હરીલાલા૦
ધન મુની વીજ્યા મૃત પાઉ;
અજર અમર હોય જાઉ, અખય સુખ આતમ ભાઉ. હો૦ ૭

અથ શ્રી સુબુદ્ધિ જીન સ્તુતિરૂપ સ્તવન.
રાગ હોરી.

સુબુદ્ધી જીન દરીસન પાઇ,
કૃપાનીધી સમકીત દાઇ; સુબુદ્ધી જીન. એ આંકણી.
મગન ભયો ઉપસમ જળ માહી,
ભવદવ તાપ મિટાઇ, હરીહરીલાલા૦
દરશણ જ્ઞાન ચરણ ચિત્તલાઇ,
સોહેજ સ્વભાવની પાઇ, ધરમ મગધીરજ ધાઇ. સુબુધિ૦ ૫
જીવ દયા વીસવાવીસ સાઇ,
સર્વ વીરતી અનુયાઇ; હરીહરીલાલા૦
શ્રાવક સુહમાં થાવર તાઇ, પંચાદીક દસ જાઇ,

રહ્યા દશ સંકલ્પ આઇ, સુબુધી૦ ૨
આરંભાદીક કુટુંબની ભાઇ,
તાહી તેં પંચરહાઇ; હરીલાલા૦
તે પીણસા અપરાધ હીંસાઇ, તાતે જનાત અઠાઇ.
સાપેક્ષ કર હીતે સવાઇ. સુબુધિ ૩
શ્રાવક ભેદ ત્રીજુ મંન લાઇ,
જઘન્ય મધ્ય ઉત્કીષ્ટાઇ. હરીહરીલાલા૦
મીથ્યા લક્ષ અભક્ષ મીટાઇ, નોકાર રી વૃત ભાઇ,
પ્રમેષ્ટી મંત્ર જપાઇ. સુબુધી૦ ૪
મધ્યસ્થો જીન ગુણ દ્રઢતાઇ,
પડીકમણાં લયલાંઇ હરીહરી૦
દ્વાદશાવૃત મનોહરતાઇ, ત્રીતીએ સચીત મીટાઇ.
એકાસણ બ્રહ્મ વૃતતાઇ. સુબુધી ૫
સર્વ વીરતી ગુણ ચાંહે ઠાઇ,
પરી સહ ભય તેં ડરાઇ. હરીહરીલાલા૦
સુરી રાજેંદ્ર કે ચરણ સમાહીં, પ્રમોદ રૂચી અનુજાઇ.
ત્રીયા સુત પ્રીતિ વઢાઇ. સુબુધી૦ ૬

અમીઝરા પારસનાથ જિન સ્તવન.

રાગ કેરબો.

મેંબી આશી તોરા દર્શકા, દીલરંજન સાંઇ;
મેમી આશી તોરા દર્શકા, આંકણી.
પાસ અમીઝર દેવા, તુઝ ચર્ણોકી શેવા:
દીજીએ દીલભર ભીજીયે, દીલ૦
કેવળ અમીકા ધાસા, તાકા હું મેં પ્યાસા;
દેતાં ઢીલ નકી જીએ. દીલ૦ ૧
ખોટ ખજાંને નાંહી, દેતાં વંછીત સાંઇ;

દાતા દાંન પતીજીયે. દીલ૦
મોહ મહા મલ્લ મોટો, જીમ તુમે કીધો ખોટો;
સો વિધ હમકુ નીવાજીએ. દીલ૦ ૨
બાળક અપનો ધારી, સ્વામી સેવક તારી,
જગમાંહી સુજશ લીજીયે. દીલ૦
પારસ ફરસ પસાય, લોહુ કંચન થાય;
તીમ હમ તુમ ગુણ ગાઇયે. દીલ૦ ૩
કુસુમ સંગ તીલ તેલ, હોય સુગંધ ફુલેલ,
જોગ જુગતી જોરાઇયે, દીલ૦
રાગી વેરાગી રીત, નટ નાગરની રીત,
ભકતી રસે પીણ રીજીયે. દીલ૦ ૪
આણંદ શેહેર ભારી, મુરતી મોહનગીરી;
નીરપ્પત અનુભવ પીજીયે દીલ૦
સુરી રાજેંદ્ર મહારાજ, સારો અમારા કાજ.
ધન્ન મુની દર્શન દીજીયે. દીલ૦ ૫

અથ શ્રી ભગવતી સુત્ર ગુંહલી.

સખી ભગવતી પંચમ અંગ ચાલો સુણિયેરે.
ભવ ભવનાં સંચિત પાપ સહેજે હણીયેરે;
સખી વિવાહ પન્નતિ નાંમ ત્રીજું કહીયેરે,
સખી સીવસજની વર સંગ સહેજે લહીયેરે, ૧
સખી મોહ મહાબળ રાયનું બળ હરવારે.
સોહેજ્ય કુંજર સમકીત પતાકા કરવારે;
સખી સતક એકતાળીસ સાર, બહુ ઉદ્દે સારે,
સખી જીવાદીક ષટદ્રવ્ય વીગત વીસેસારે, ૨
સખી પ્રશ્ન છત્રીસ હજાર ગૌતમ કીધારે,
પ્રભુ વીર જીણંદ દયાળ ઉત્તર દીધારે.

સખી વાંણી મોહન વેલ દુઃખની હરણીરે,
સખી ચડવા સ્વર્ગ સો પાંન મુગત નીસરણીરે 3
સખી શેકાદીક અણગાર સીંહ મુનીનારે;
સોહે પ્રથમનો હાર ભંગગંગ મુનીનારે,
સખી ખંધક મહાબળ રાય ચરીત્ર છે રૂડાં રે,
સખી સુણતાં ભવ ભય ભ્રમ ભાગે કુંડારે; ૪
સખી પંચ પરમેષ્ટી આદી મંગળ પહેલુ રે.
વળી નમો સુઅરસા આદી મંગળ છેલું રે;
સખી ખંભી લીપોનુ મધ્ય મંગળ આદી રે,
લેહે સુણતાં મંગળ માલ સાદી અનાદીરે ૫
સખી શ્રુત દેવી શ્રુત મધ્ય તે જીન વાંણીરે.
સખી સકલ વીઘનના કોડ હરે ગુણ ખાણીરે;
સખી માણવ અક્ષર સંયુક્ત વીવાહ પન્નતી રે,
સોહે મંગળ ભગવઇ અંત વિઘનને હંતીરે. ૬
સખી મુક્તીક સ્વસ્તીક પુર મંગળ ગાવોરે,
સખી ગુંહળી કરી ગુણવંત ગુરૂને વધાવોરે.
સખી સાણંદ સંઘ આણંદ ભગવતી સુંણતાંરે;
હુવે મંગળ કોડ કલ્યાંણ ધન મુની સુણતાંરે ૭

અથ શ્રી ગોધાવી મહાવીર જિન સ્તવન

વીતરાગ પરમાતમાતમારે,
ખીણ મોહી અરીહંત સલુણા એ રાગ.
માહાવીર જીનરાજનીરે,
મુરતી મોહન વેલ સલુણા;
નીરખત ભવ ભય દુઃખ હરેરે,
સીવ સુંદરી કરે મેળ સલુણા. મહાવીર૦ ૧
મુકુટ કુંડળ શોભાખાણીરે,

માનુ રવીસસી જોડ સલુણા;
ક્રોડ રવી કરજો મીલીરે,
ન કરે નખની હોડ સલુણા માહાવીર૦ ૨
મનમંદીર પ્રભુજી વશ્યારે,
તેજ ઝગ્ગાહળ ભાંણ સલુણા;
મોહાદીક મદ ગાળવારે,
જીન નામાંકીત બાંણ સલુણા. માહાવીર૦ ૩
પ્રભુ ગુણ ગણ લવ જોયવેરે,
વિઘટે કર્મનો જોર સલુણા;
વિષધર ભય જીણ વંન નહીરે,
ટહુકારે જીહાં મોર સલુણા. માહાવીર૦ ૪
ભક્તિ ભાવે ભેટીયોરે,
ગોધાવી જીન ચંદ સલુણા;
પ્રભુ વીણ અંતરન આદરૂરે,
જો મળે સુરવર વૃંદ સલુણા માહાવીર૦ ૫
સંવત ઓગણીસ યુગ સસારે,
માઘ માસ મનોહાર સલુણા;
સુરી રાજેંદ્ર મુજ તારજ્યોરે,
ધન મુની બીરૂદ સંભાર સલુણા. માહાવીર૦ ૬

અથ શ્રી પદમ પ્રભુ જિન સ્તવન.

ચીંતામણી પારસ્વ પ્રભુ અર્જ કરૂ મેં તુમકું,
અબમેરી અર્જ સુણી પાર ઉતારો મુજકું, એ દશી.
પદ્મ પ્રભુજીન તુમે અર્જ મેરી દીલ સુણી,
અંતો નજર કરો નાથ જરા મુજ ભણી. ૧
પાછલા પુન્યના ઉદયે મનુષ ગતીમેં આયો,
ચિંતામણી રત્ન સમો જૈનધર્મ હું પાયો. ૨

ચિંતામણી તેજ જે મન ચીંતવ્યું તે કામ કરે,
તો પ્રભુ મુજપરે તું કેમ ન દયા કરે. ૩
દયા કરી મુજને ભવ પાર ઊતારો સાહેબ,
જગતમેં સર્વોપરી દેવ તું હે સાહીબ. ૪
તેરી હમેશ ખરા દીલથી જો સ્તુતિ કરે,
ખરેખર આ ભવ અટવી થકી નિશ્ચે તરે. ૫
સાહેબ ગરીબપરવર દીગાર નજર કરો,
અજ્ઞાનરૂપી તિમરમાં હું ભુલો ભમું ખરો. ૬
આપના ધર્મનો સુમાર્ગ બતાવો મુજકું,
જ્ઞાનરૂપી દીવાથી તીમર છોડાવો મુજકુ. ૭
અરીહંત તુંતો પ્રભુ જગત વીસે કહેવાએ,
જૈન બોધ બુદ્ધિ પ્રકાશક તેરા ગુણ ગાએ. ૮

આરતી.

જયદેવ જયદેવ જય જગ વિસરામી, (૨)
પરમાત્મ પરમેશ્વર (૨) તુમ અંતર જામી; જય, જય૦ ૧
તુમ શક્તિ અપાર, ગણના નવી થાએ. (૨)
વીચારીને જોતાં, (૨) પાર ન પમાએ. જય, જય૦ ૨
હે જુગજીવન નાથ, સાહ્ય કરો જગને. (૨)
ભવ અટવીથી ઉતારો, [૨) કરગરી કહુ તુમને; જય, જય૦ ૩
તુમે જગત આધાર, સત્ય કહું તુમને; (૨)
દુખરૂપી દરીયાથી, (૨) પ્રભુ તારો અમને. જય, જય૦ ૪
નથી અન્ય આધાર, આ જુગમાં મારે. (૨)
તુજ વીના પરમેશ્વર, (૨) દુજો કુણ તારે. જય, જય૦ ૫
જીવ દયા પ્રતી પાળ, તુમે કેહેવાઓ; [૨)
તો અમને આ ભવમાં, [૨) સાથી રખડાવો. જય, જય૦ ૬
રાગ દ્વેશ ધર દેવ, પુજે અજ્ઞાની (૨)

પગુ હું તુજને માગુ, (૨) ખરો પ્રેમ આણી. જય, જય૦ ૭
ઓ પ્રભુ મારી અરજ, તુજ દીલમાં લાવી, (૨)
દુખ દાયક સંસારથી, (૨) મુક્ત કરો ભાવી. જય, જય૦ ૮
શા માટે ભગવંત, અન્ય દેવ પુજુ. [૨]
તારો આશરો છોડી, (૨) કોણુ ગ્રહે દુજુ. જય, જય૦ ૯
અન્ય દર્શની દેવ, છે સરવે રાગી; (૨)
પગુ પરમાત્મા તું તો, (૨) સદાય નીરાગી. જય, જય૦ ૧૦
સર્વ વ્યાપક સર્વજ્ઞ, જીનજી આપ ખરા. (૨)
આપની સાહ્યતા સાઇ, [૨] જીવ અનંત તર્યા જય, જય૦ ૧૧
સર્વ ધર્મમાં જઇન, ઉતમ કહેવાએ; (૨)
દેવ દયા કર ઠાકર, (૨) તુજને જગ ગાએ; જય, જય૦ ૧૨
આરતી કરતાં આરત દુખ દોહગ જાએ; (૨)
જઇન બોધ પ્રકાશક, (૨) નમે મંડળી તુમ પાએ. જય, જય૦ ૧૩

સંપુરણ.

અથ ચોવીશ તીરથંકરની આરતી.

જયદેવ જયદેવ, જય જગ હીતકારી, પ્રભુ જય જગ હીતકારી.
તુજને વંદન કરીયે, (૨) સદાય જયકારી. જય, જય૦ ૧
રીષભ અજીતનાથ, સંભવ સુખકારી;
દુખ સરવેનાં કાપો, (૨) હે ભવ ઉપગારી. જય, જય૦ ૨
અભિનંદન સુમતી પદ્મ, સાહ્ય કરો અમને; (૨)
સુપાર્શ્વ ચંદ્ર પ્રભુજી, (૨) કરગરીએ તમને. જય, જય૦ ૩
શ્રેષ્ઠ છે સુબુદ્ધિ નાથ, નવમા જીનરાયા; (૨)
સુગ્રીવરાય ઘર સોહે, (ધનુ ષસો કાયા. જય, જય૦ ૪
દસમા શીતલ નાથ, ગુણના છો દરીયા; (૨)
શ્રી આંશનાથ માહારાજા, (૨) શીવ રમણી વરીયા. જય, જય૦ ૫
બારમા વાસુ પુજ્ય, વિમળનાથ સ્વામી; (૨)

અનંત ધર્મ પ્રભુજી, (૨) જાચુ શીર નાંમી. જય, જય૦ ૬
શાંત્તી કુંથુ અરનાથ, આપ વસ્યા મુક્તિ; (૨)
અમ ભવશાયર તરવા, (૨) દેખાડો જુક્તિ. જય, જય૦ ૭
મલ્લીનાથ ભગવાંન, મુનીસુવ્રતસ્વામી; (૨)
નેમીનાથ પ્રભુજી, (૨) અગાગ્નીત ગુણ ગામી. જય, જય૦ ૮
નીરમળને મનગીના, ભાવ ધરી ભાળો; (૨)
પાર્શ્વ તું પર્મ કૃપાળુ, (૨) કષ્ટ સર્વ ટાળો. જય, જય૦ ૯
વર્ધમાન જીનચંદ, ચોવીશમા રાયા; (૨)
ખત્રીકુંડ નગરમે, (૨) ત્રીશલા ઉર આયા. જય, જય૦ ૧૦
ચોવીશ જીનની ભક્તિ, ભાવ ધરી કરશે; (૨)
લખ ચોરાસી ટાળી, (૨) શીવ રમાણી વરશે. જય, જય ૧૧
દુખ નિવારણ કાજ, આરતી તો કીજે; (૨)
જૈન બોધ મંડળની, (૨) અરજ સુણી લીજે. જય, જય૦ ૧૨

સંપુર્ણ.

અથ મંગળ દીવો લીખ્યતે.

કરી આરતી આતર દુર, મંગળ દીપ કીજે;
જીમ જીમ મંગળ દીપ કીજે, મિથ્યા તિમીરતિમ દુર.
મંગળ દીપ કરીજે. ૧
પેહેલું મંગળ જીન મુખ ભાખ્યું દાંન દયા દિલ સુર; મંગળ;
બીજુ મંગળ સીલ સુગંધી, પુજા કરૂ ભરપુર. મંગળ૦ ૨
ત્રીજે મંગળ તપ જપ અંગી, નિરખું જીનમુખ નુર; મંગળ૦
ચોથે મંગળ ભાવના ભાવું, વાજતે મંગળ તુર. મંગળ૦ ૩
ઇંદ્ર ઇંદ્રાંણી અપછર સુંદર; ગાવે જીન ગુણ નુર; મંગળ૦
ચ્યારે મંગળ ચતુરા ગાવે, કર્મ કરે ચકચુર. મંગળ૦ ૪
સુરિ રાજેંદ્રનું મંગળ નિરખી, કુમતિ રહે ઝુર ઝુર; મંગળ૦
ધન મુનિ જીન મંગળ દીવો, હોજ્યો સંઘ હજુર. મંગળ૫૦

ઈતિ શ્રી મંગળ દીવો સમાપ્ત.

વીનતી. શ્રી પારસ્વજીન.

વીનતી ધરજ્યો ધ્યાન, જીનવર વીનતી ધરજ્યો ધ્યાન. એ દેશી.
વીનતડી અવધાર, જીનવર વીનતડી અવધાર એ આંકણી.
અશ્વસેન રાજાના નંદન, વંમામાત મલ્હાર; જીનવર૦
મુળ ગભારે પ્રભુ પાર્શ્વ બીરાજે, શોભાનો નહી પાર. જી૦ ૧
મસ્તક મુગટ હીરલે જડીયો, કાંને કુંડળ સાર; જીનવર૦
બાંહે બાજુ બંધ બેરખાં બીરાજે; કંઠડે નવસરો હાર. જી૦ ૨
આપ તર્યા પ્રભુ તાર્યા ઘણાને, અમને પાર ઉતાર; જીનવર૦
પાપ ઘણાંજ અઘોર કર્યાં મે, બાકી ન રાખી લગાર. જી૦ ૩
લક્ષ ચોરાશીમાં અથડાયો, હવે તમારો આધાર; જીનવર૦
શેવક આવી બારણે ઉભા, તેનો કરો ઉપકાર. જી૦ ૪
માત તાત વીણ કહો કુણ પ્રભુજી, છોરૂને ઉછેરનાર; જી૦
માટે સેવક બાંહ્ય ગ્રહીને, ભવસમુદ્રથી તાર. જી૦ ૫
સંવંત ઓગણી ચાલીસામાં, માઘ વસંત ઋતુ સાર; જી૦
પારસનાથ પ્રભુ તખતે બીરાજ્યા, સુદ તેરસ શનીવાર. જી૦ ૬
વિનતી કરે સૌ સંઘ મળીને, સાંણંદ શહેર મોઝાર; જી૦
જૈન બોધ વંદે કરજોડી, તાર તાર પ્રભુ તાર. જી૦ ૭

ઈતિ શ્રી આત્મબોધ જૈન તત્વાદર્શક સ્તનાવળી સમાપ્ત

મુનિરાજ શ્રી ધનવિજયજી મહારાજે સંવત ૧૯૪૨ ના પોસ વદી ૨ ને વાર સુકરવારને દીને અત્રેથી વીહાર કર્યા. તે વખત સંઘે જણાવેલી દીલગીરી.

દેશી લલીત છંદ.

ધન મુનીવરા વીચર્યા તમો,

તમ વિયોગથી દુખીઆ અમો;
તમ થકી ગયાં પાપ પરંજળી,
પ્રણમીને નમે જઇન મંડળી. ૧
જીન સભા તણી સ્થાપના કરી,
તમ કૃપા થકી આશ આ ફળી;
સુમતી સુણીને કુમતી ટળી,
પ્રાણમીને નમે જઇન મંડળી. ૨
તુમ વિના ગુરૂ શી ગતી થશે,
સુમતી તો ગુરૂ કોણ આપશે;
અમશુ આપને કીજીએ ફરી,
પ્રણમીને નમે જઇન મંડળી. ૩
ભગવતી તુમે તો પ્રકાશીયું,
સકળ પાપ તો દુર નાસીયું;
ઉતર આપતા વાત સાંભળી,
પ્રાણમીને નમે જઇન મંડળી; ૪
ઉદર બાળ જે પેટ માયછે,
અવતરયા પછી દુધ પાય છે;
ચરણ ચાલતાં શીખવે વળી,
પ્રણમીને નમે જઇન મંડળી. ૫
ધન્ન મુનીવરા, એમ તો ઘટે,
નજર જો કરો દુખ તો મટે;
સકળ બાળકો કે લગી લળી,
પ્રાણમીને નમે જઇન મંડળી. ૬
તુમ વિના ગુરૂ બોધ કયાં લહુ,
કરમની ગતી કોણને કહું;
અમતણી ગતી શી થશે વળી,
પ્રણમીને નમે જઇન મંડળી. ૭

અમતાગ્રી ખરી આશા આ કરો,
દઇ વિવેકને, આપ વીચરો;
સરવ જાણશું આશા તો ફળી,
પ્રણમીને નમે જઇન મંડળી. ૮
સકળ સંગના બંધુઓ નમો,
ધન મુનીજીને પ્રીતથી નમો;
વિજય મોહના સાથને મળી,
પ્રણમીને નમે જઇન મંડળી. ૯
હરખ જે હતો આપ આવતાં,
દુખી બહુ અમે આપ જાવતાં;
અરર આંખથી નીરતો ઢળી,
પ્રણમીને નમે જઇન મંડળી. ૧૦
કરસાણી સદા ખેતમાં રહે,
બગડી જાય જો ચીત ના લહે;
તીમ તમે ગુરૂ આવજો વળી,
પ્રણમીને કહે જઇન મંડળી. ૧૧
સસી નીધી વળી વેદ ભુજમાં,
સુકળ પોસની કૃષ્ન બીજમાં;
ગુરૂજીને અમો વંદીયે વળી
પ્રણમીને નમે જઇન મંડળી. ૧૨

સમાપ્ત